१४९५०

॥ श्रीस्वामिनारायणायनमोनमः ॥



सकलमनोरथनीसफलकरनारी

॥ श्रीस्वामिनारायणकथा ॥

पञ्चाध्यायी

किंमत रु. ०–४–।

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૧૪૮૬૦ वर्गांक

पुस्तकनुं नाम સ્વામીનારાયણ સુધા

विषय ૫૨.૨૫૬ : ૫૨

॥ श्रीः ॥

श्री स्वामिनारायणो विजयतेतराम्

श्री स्वामिनारायण कथा

अमदावाद श्री नरनारायण देवनी गादिना धर्मधुरं० आचार्य श्री १०८
श्रीवासुदेव प्रसादजी महाराज श्रीपुरुषोत्तमप्रसादजी महाराजनी आज्ञाथी

छपावी प्रसिद्ध करनार

वे. शा. स. शास्त्री गिरिजाशङ्कर लक्ष्मीशङ्कर विद्यावाचस्पति पूजाविधि

लखनार तथा भाषान्तर करनार

शास्त्री करुणाशंकर हरगोविंद व्याकर्णाचार्य्य तथा—धर्मशास्त्राचार्य

प्रसिद्ध कर्त्ताए सर्व हक्क स्वाधीन राख्या छे

किंमत आना ४

आवृत्ति १ ली प्रति १०००

संवत् १९८५ सन १९२९

श्री सूर्यप्रकाश प्रिन्टिंग प्रेसमां मूळचंदभाई श्रीकमलाले छाप्यो

ठे. पानकोर नाका—अहमदाबाद.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૪૫૯૦

શ્રીમત્ સહજાનન્દો વિજયતેતરામ.

ભૂમિકા.

દ્વાપરના અંતે ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર અનેક અસુરોને સંહાર કરી. પોતાનું જ્ઞાન પોતાના અનન્ય ભક્ત ઉદ્ધવને આપી પોતે આ દૃશ્ય જગતમાંથી અંતર્ધ્યાન થયા. ત્યારપછી કલીનો પ્રાદુર્ભાવ થવાથી શાસ્ત્રીય ઉત્તમ જ્ઞાન તથા શદુપદેશનો લોપથયો, ધર્મનો આડંબર કરી પાખંડી લોકો પ્રજાજનોને આડે રસ્તે દોરવાનો ઉપદેશ કરવા લાગ્યા. અને મધુ—માંસ ભક્ષણનો પ્રચાર કરી સનાતન વૈદિક ધર્મનું ખંડન કરવા લાગ્યા. આવી વિષમ પરીસ્થિતિ ઉત્પન્ન થવાથી કલ્યાણનો માર્ગ સઘળે બંધ થયો. તે વખતે દયાર્દ્ર અંતઃકરણવાળા અખિલ લોકનાયક પરાત્પર પુરૂષોત્તમ સત્ય સંકલ્પ શ્રીસહજાનંદસ્વામિએ પોતાના અક્ષર મુકતોએ સહીત આ બ્રહ્માંડ પ્રત્યે પધારી સદુપદેશ દ્વારાએ ભવાટવીમાં ભમતા અનેક સ્ત્રી પુરૂષોને પોતાની મુર્તિમાં જોડવા લાગ્યા. પોતે યજ્ઞોપવીત દીક્ષા ગ્રહણ કર્યા બાદ પોતાનાં માતાજી તથા પીતાને જ્ઞાનામૃતનું પાન કરાવ્યું અને પોતાની સમીપમાં દીવ્ય દેહે રાખ્યાં, ત્યારપછી અનેક જીવોનું કલ્યાણ કરવા આત્મારામ એવા શ્રીસહજાનંદસ્વામિ વનમાં વિચરણ કરી. ગોપાળ યોગી તથા નવલખા પર્વત ઉપરના તપસ્વીઓને પોતાનું જ્ઞાન આપી અક્ષરધામના અધીકારી કર્યા પછી જગન્નાથપુરી માનસપુરી વીગેરે સ્થળેથી ઉપદેશ દ્વારા અધર્મનું નીકંદન કરી કથારૂપી અમૃતપાઇને શુદ્ધ ભાગવત ધર્મનું પોષણ કરતા લોજપુરમાં પધાર્યા. અને રામાનંદ સ્વામિ પાસેથી ભાગવતી દીક્ષા લઇ સંપ્રદાયની અભિવૃદ્ધિ માટે તથા જન સમા-

જનું આત્યંતિક કલ્યાણ કરવાની ઇચ્છાથી સંપ્રદાયનું કાયમ પોષણ રહે તે સારૂ કથા વાર્તા કીર્તનાદીક તથા મંદિરોનો પ્રબંધ બાંધ્યો. અને લક્ષાવધી મનુષ્યોને અનેક જન્મોથી આભવ સાગરમાં ભટકતા હતા તેમને માટે અક્ષરધામનો ધોરી રસ્તો બાંધ્યો. ત્રીસ વર્ષ સુધી સતત કથામૃત પાઇ હજારો હજાર સ્ત્રીપુરૂષો સંત હરીજનોને નિર્વિષયી અને નિર્વાસનીક કરી તેમનું આત્યંતીક કલ્યાણ કર્યું: અને પોતાના અંતર્ધ્યાન થયા પછી પણ પોતાના ભક્તોને પોતાની મૂર્તિનું અવિચલ સુખ રહે તે સારૂ. મંદિરો બાંધી પોતાની મૂર્તિઓ સ્થાપી પુજનવિધિનો આરંભ કર્યો. આવી રીતે પોતે પ્રથા બાંધી ઘોર કલિયુગમાં પરમશ્રેયનું કારણ ભગવત્ કથા અને પુજન જ છે, તે નિર્વિવાદ રીતે સિદ્ધ કરી બતાવ્યું. આ ઘોર કલિયુગમાં ભવ બંધનમાંથી મુક્ત થવા સારૂ કથામૃત અને ભગવત્ પુજન જેવું અમોઘ સાધન અને રસાયણ બીજું કંઇપણ નથી.

પૂર્વે જે મહર્ષિઓ મોટી પદવીને પ્રાપ્ત થયા છે અને હવે પછી જે થશે તે તમામ ભગવત કથા ભગવત્સ્મર્ણ અને પુજનનોજ પ્રભાવ છે- પરમાનંદનું સુખ પ્રાપ્ત થવા સારૂ નૈમિષારણ્ય ક્ષેત્રમાં સૌનકાદીક ઋષિઓ તથા આત્મારામ એવા સનકાદીક પરમહંસો તથા પૃથુ અને પ્રલ્હાદ જેવા પરમભક્તાગ્રણિ પુરૂષોએ નીરંતર ભગવાનની કથામૃતનું પાલન કર્યું છે. માટે આત્મ કલ્યાણના સાધનમાં પરમ ઉત્કૃષ્ટ સાધન તે કથા શ્રવણ છે. અને તે હેતુથીજ નવધા ભક્તિમાં તેનું સ્થાન પ્રથમપદે યોજાયેલ છે.

શ્રીહરિ પણ કથા વાર્તાનું ઇષ્ટપણુ સિદ્ધ કરીને સુધાસિંધુંમાં કહે છે કે જેનામાં કથા વારતા રૂપી ગુણ નથી. તેનામાં રૂડા ગુણો આવતા નથી. અને તેટલાજ સારૂ પરમહંસોમાં અગ્રગણ્ય મુક્તાનંદ સ્વામિને જીવન પર્યંત ભગવાનની કથા વાર્તા કરવાનોજ આદેશ કરેલો

અને કથા વાર્તાના અભ્યાસી પુરૂષો સ્વદેહે અક્ષરધામમાં ગયાના સત્સંગમાં લક્ષાવધી દાખલા પ્રસિદ્ધ છે. તેથી માયાના બળને તોડનાર અમોઘ શસ્ત્ર તે ભગવત કથા તથા ભગવત્પૂજન જ છે તેમ ધારી સત્સંગી બાઇ ભાઇ સંત હરિજન ભગવાનના ગુણારવીંદ હમેશાં ગાઇ શકે તથા આત્યંતિક આત્મશ્રેય સત્વર સાધી શકે તેવા હેતુથીજ આ પંચાધ્યાયીનો પ્રબંધ કરવામાં આવ્યો છે. ભગવત કથા પરલોક સુખનું સાધન છે. એટલુંજ નહીં પણ તેનાથી હજારો મનુષ્યો આ લોકમાં પરમ સુખીયા થયાના પુરાણોમાં ઘણાં ઘણાં ઉદાહરણો છે. સત્સંગમાં પણ લક્ષાવધી મનુષ્યો આ લોકમાં પરમ સુખી થયા છે. વળી શ્રીહરીના ચરણાવીંદમાં અચલ મતી રાખવાથી પણ પોતાના ભકતજનોને દુઃખ આવનાર હોય તો તે નાશ થઇ જાય તેવો સુખદ વર શ્રીહરીએ અખીલ સત્સંગમાં આપ્યો છે. એટલે ભગવત કથા અને પુજનથી આ લોકમાં કીર્તિ આબરૂ સમૃદ્ધિ પ્રાપ્ત થઇ અંતે પરધામનો અધિકાર પ્રાપ્ત કરવાનું સબળ સાધન છે. તો નિર્મત્સર એવા ભગવતજનો આ શ્રીહરીની અમૃત મયી અક્ષય સુખને દેનારી કીર્તિ કરી ભવપાશ મોચની પંચાધ્યાયી કથાનાં નીયમીત રીતે પાઠ કરી કરાવી ને તેનો અવશ્ય લાભ લઇ પોતાને પ્રાપ્ત થયેલ દુર્લભ મનુષ્ય દેહનો સદુપયોગ કરી શ્રીહરીની સેવામાં રહી તેમની પ્રસન્નતા મેળવશે.

આ કથા માલિયાના પરમભગવદીય ભકતરાજ ઠાકોરસાહેબ શ્રી મોડજી (મોહજીત) રાજાને શ્રી વાસુદેવાનન્દસ્વામિએ કહેલ તેજ વાત માલિયાના હાલના નામદાર સત્સંગી શિરોમણિ ઠાકોરસાહેબ રાયસિંહજી (નૃપવર્મા) તરફથી મળેલ તેનું સંસ્કૃત કાર પ્રચાર કરવા ઇચ્છા જણાવી તે મૂલ વિચાર પ્રમાણે અમે આ પંચાધ્યાયી પ્રસિદ્ધ કરિ છે આ કથામાં તનમનધનથી તેઓ શ્રીયે સત્સંગની અપૂર્વ સેવા બજાવિછે તે માટે શ્રીહરિ તેમને ઉન્નતિના શિખરે પહોંચાડે એવી અમારી શ્રીહરિ પ્રતિ અંતઃકરણ પૂર્વક પ્રાર્થના છે:—

॥ श्री स्वामिनारायणोविजयते ॥

॥ श्री स्वामिनारायण कथा पूजाविधिः ॥

अथ पूजासमयः ॥ पौर्णमास्याममावास्यायामेकादश्यां सूर्यपर्वादिने संक्रान्तौ व्यतीपातादिपर्वसु रविवारे श्रीहरि प्रादुर्भावादिने यस्मिन्कस्मिन्दिनेमनस उत्साहे वा उपोष्य सायाह्ने स्नात्वा नित्यविधिंकृत्वा पूजास्थानमागत्य शुद्धासने समुपविशेत् ॥ आचम्य प्राणायामं कृत्वा गणेशादीन्नमस्कृत्यच सङ्कल्पं कुर्यात्—ॐ विष्णुर्विष्णुर्विष्णुः श्रीमद्भगवतो महापुरुषस्य विष्णोराज्ञया प्रवर्तमानस्य अद्य ब्रह्मणः द्वितीये परार्द्धे श्रीश्वेतवाराहकल्पे सप्तमे वैवस्वतमन्वन्तरे अष्टाविंशतितमे कलियुगे कलिप्रथमचरणे भारतखण्डे जम्बुद्वीपे रामक्षेत्रे परशुरामाश्रमे दण्डकारण्यदेशे श्रीसाभ्रमत्या० दिग्विभागे श्रीमल्लवणाब्धेरुत्तरे तीरे श्री शालिवाहन शके बौद्धावतारे अस्मिन्० संवत्सरे० अयने० ऋतौ० मासे० पक्षे० वासरे० तिथौ० नक्षत्रे० राशिस्थिते चन्द्रे० राशिस्थिते श्रीसूर्ये० राशिस्थिते देवगुरौ शेषेषु ग्रहेषु यथायथंराशिस्थानास्थितेषु सत्सु एवंगुणविशेषेण विशिष्टायां शुभपुण्यतिथौ (गोत्रो-

चारः) मम सकल दुरितोपशमनपूर्वकसकलमनोरथसिद्ध्यर्थं यथासम्पादितसामग्र्या सूर्यादिनवग्रहदेवतेन्द्राद्यष्टलोकपालदेवतापूजनपूर्वकमंगीकृतं श्री स्वामिनारायणपूजनं तदुक्तं कथाश्रवणञ्चाहं करिष्ये ।। इति सङ्कल्प्य शरीरशुद्धये पुरुषसूक्तन्यासांश्च कृत्वा आसनादि कलशशङ्खघण्टादीपपूजनञ्च कृत्वा निर्विघ्नतासिद्धये षोडशोपचारैः पञ्चोपचारैर्वा ' ॐ गंगणपतये नमः ' अनेनमंत्रेण महागणपतिं पूजयेत् । एवं गणपतिं संपूज्य पंचवाक्यैः पुण्याहंवाचयेत् तादित्थम्-मह्यं सहकुटुम्बिने अद्यकरिष्यमाण श्रीस्वामिनारायणव्रताख्यस्य कर्मणः पुण्याहं भवन्तो ब्रुवन्तु (इत्युक्ते) अस्तु पुण्याहम् (इति विप्रा वदेयुः एवं सर्वत्र ऊहः कार्यः) स्वास्ति भवन्तो ब्रुवन्तु आयुष्मते स्वस्ति । ऋद्धिं भवन्तो ब्रुवन्तु कर्मऋद्ध्यताम् । श्रीरस्त्विति भवन्तो ब्रुवन्तु अस्तु श्रीः । कल्याणं भवंतो ब्रुवन्तु अस्तु कल्याणम् ॥ अनेन पुण्याहवाचनाख्येन कर्मणा कर्माङ्गदेवता प्रीयतां न मम ॥ कलशस्थापनादि ॐ महीद्यौः० इतिमंत्रेण तन्दुलराशिं कृत्वा तदुपरि ॐ आकलशेषु वा कलशस्यमु० इति मंत्रेण कलशं संस्थाप्य तस्मिन्कलशे ॐ इमं मे गङ्गे यमुने० गङ्गे च यमुने० इतिमंत्रेण जलं निक्षिप्य ॐ गन्धद्वारां दुराधर्षां० इतिमंत्रेण चन्दनं निक्षिप्य ॐ काण्डात्काण्डा-

त्परोहन्ति० इति मंत्रेण दूर्वाङ्कुरान्निक्षिप्य ॐ अश्वत्थेवो निषदनं पर्णेवो० इति मंत्रेण १ आम्र २ औदुम्बर ३ पिप्पल ४ जम्बीर ५ पायरीति पञ्चपल्लवान्निक्षिप्य ॐ याः फलिनीर्या अफला० इति मंत्रेण फलं निक्षिप्य ॐ सहिरत्नानि दाशुषे इति मंत्रेण १ सुवर्ण, २ रौप्य, ३ मौक्तिक, ४ लाजावर्त ५ प्रवालेति पञ्चरत्नानि निक्षिप्य ॐ हिरण्यरूपः सहिर० इति मंत्रेण हिरण्यं निक्षिप्य ॐ युवासुवासाः० इति मंत्रेण अक्षतान्निक्षिप्य ॐ पूर्णादर्विपरापत० इति मंत्रेण तण्डुल-पूरितं पूर्णपात्रं निधाय, तन्मध्ये कुङ्कुमादिना अष्टदलं कृत्वा ॐ तत्वायामि ब्रह्मणा वन्दमानस्तदा० इति मंत्रेण वरुणमावाह्य नाममंत्रेण पूजां कुर्यात् ॥ अथ पूर्णपात्रे देवतास्थापनम् ॥ सूर्यादिनवग्रहेन्द्राद्यष्ठलोकपालदेवतानां तत्तद्वैदिकमंत्रैः वापुराणोक्त-मन्त्रैः स्थापनं कृत्वापूजनं च कार्यम् तद्यथा ॥ सूर्यमंत्रः १ ॥ ॐ आकृष्णेन रजसा० जपाकुसुमसङ्काशं काश्यपेयं महाद्युतिम् ॥ तमोरिं सर्वपापघ्नं प्रणतोऽस्मि दिवाकरम् सूर्याय नमः सूर्यमावाहयामि गन्धाक्षतपुष्पाणि समर्पयामि। एवं सर्वत्रऊह्यम् ॥चन्द्र-मंत्रः २ ॥ ॐ देवाऽअसपत्नं सुवध्वं० दधिशङ्खतुषाराभं क्षीरोदार्णवसंभवम्। ननामि शशिनं सोमं शंभोर्मुकुट भूषणम् ॥ चन्द्राय नमः॥ भौममंत्रः ३॥ ॐ अग्नि-

मूर्द्धादिवः ककुत्पतिः० धरणीगर्भसंभूतं विद्युत्कान्तिसमप्रभम् । कुमारं शक्तिहस्तञ्च मंगलं प्रणमाम्यहम् । भौमाय नमः ॥ बुधमंत्रः ४ ॥ ॐ उद्बुध्यस्वाग्ने० प्रियङ्गु-कलिकाश्यामं रूपेणाप्रतिमं बुधम् । सौम्यं सौम्यगुणोपेतं तं बुधं प्रणमाम्यहम् ॥ बुधाय नमः ॥ गुरुमंत्रः ५ ॥ ॐ बृहस्पतेऽअतिअदर्यो० देवानां च ऋषीणाञ्च गुरुं काञ्चनसन्निभम् । बुद्धिरूपं त्रिलोकेशं तन्नमामि बृहस्पतिम् ॥ गुरवे नमः ॥ शुक्रमंत्रः ६ ॥ ॐ अन्नात्परिश्रुतो रसं० हिमकुन्दमृणालाभं दैत्यानां परमं गुरुम् । सर्वशास्त्रप्रवक्तारं भार्गवं प्रणमाम्यहम् ॥ शुक्राय नमः ॥ शनैश्चरमंत्रः ७ ॥ ॐ शन्नो देवीरभिष्टयआपो० नीलाञ्जनसमाभासं रविपुत्रं यमाग्रजम् । छायामार्तण्ड-संभूतं तंनमामि शनैश्चरम् । शनैश्चराय नमः ॥ राहुमंत्रः ८ ॥ ॐ कयानश्चित्र आभुव० अर्धकायं महावीर्यं चन्द्रादित्यविमर्दनम् । सिंहिकागर्भसंभूतं तं राहुं प्रणमा-म्यहम् ॥ राहवे नमः ॥ केतुमंत्रः ९ ॐ केतुं कृण्वन्नकेतवे० पलाशपुष्पसङ्काशं तारकाग्रहमस्तकम् । रौद्रं रौद्रात्मकं घोरं तं केतुं प्रणमाम्यहम् ॥ केतवे नमः । ततोदिक्पालदेवतास्थापनम् । पूर्वस्यां दिशि इन्द्रं सांगं सपरिवारं सायुधं सशक्तिकं सवाहनं एभिर्गंधाद्युपचारैस्त्वामहं पूजयामि इन्द्राय नमः। एवमाग्नेय्यादिदिक्षु तंतं देवं

सम्पूज्यमध्ये श्री स्वामिनारायणदेवं पूजयेत्॥ अथ श्रीसहजानन्दषोडशोपचार पूजा॥ ध्यानम् हस्तेपुष्पं गृहीत्वा श्रीस्वामिनारायणं ध्यायेत्।वर्णिवेशरम० श्रीमच्छारद० श्रीमन्नूतन० ध्यानश्लोकंपठित्वा पुष्पाण्यर्पयेत् आवाहनम् ॐसहस्रशीर्षा० ॥१॥ आगच्छ सहजानन्द स्थाने चात्र स्थितो भव। यावत्पूजां करिष्येऽहं तावत्त्वं सन्निधो भव॥ भोः श्रीस्वामिनारायण इहागच्छ इहतिष्ठ श्रीस्वामिनारायणाय नमः श्रीस्वामिनारायणमावाहयामि (इत्युक्त्वा देवोपरि अक्षतान्निक्षिपेत् आसनम्। ॐ पुरुषएवेदं० ॥ २ ॥ विचित्ररत्नरचितं दिव्यास्तरणसंयुतम्। स्वर्णसिंहासनं देव गृहाण धर्म नन्दन ॥ श्रीस्वामिनारायणाय नमः आसनं समर्पयामि (एवं सर्वत्र योज्यम्) पाद्यम् ३ ॐ एतावानस्य महिमा० उष्णोदकं निर्मलं तु पाद्यं गन्धादिभिर्युतम्। पादप्रक्षालनार्थाय दत्तं ते धर्मनन्दन ॥ इतिपाद्यम् ॥ अर्घ्यम् ॥ ४ ॥ ॐ त्रिपादूर्ध्व उदैत्० व्यक्ताव्यक्तस्वरूपस्त्वं स्वामिनारायण प्रभो। अर्घ्यं गृहाण मद्दत्तं गन्धपुष्पाक्षतैः सह ॥ इति अर्घ्यम्। मधुपर्कः ॥ ५ ॥ दध्याज्यमधुसंयुक्तं मधुपर्कं मयाऽऽहृतम् गृहाण सहजानन्द भगवन्भक्तवत्सल ॥ इति मधुपर्कः ॥ आचमनम् ॥ ६ ॥ ॐ ततो विराडजायत० सर्वतीर्थसमानीतं सर्वपापहरं शुभम्।

आचम्यतां जलं दत्तं स्वामिनारायण प्रभो॥इति आचमनम् ॥स्नानम्॥७॥ॐ तस्माद्य-
ज्ञा० गङ्गादिसर्वतीर्थेभ्य आहृतैश्च शुभैर्जलैः ।स्नाप्यसे सहजानन्द भगवन्दीनवत्सल॥इति
स्नानम् ॥पयःस्नानम् ॥८॥ॐ पयः पृथिव्यां० सौरभेयीसमुत्पन्नं देवर्षिपितृतृप्तिदम् ।
स्नानार्थं च पयोदत्तं स्वीकुरु धर्मनन्दन ॥ इति पयःस्नानम् ॥ दधिस्नानम् ॥ ९ ॥
ॐ दधिक्राव्णोऽ० पयसस्तु समुत्पन्नं सर्वदेवप्रियं दधि । भगवन्सहजानन्द स्नानार्थं
प्रतिगृह्यताम् ॥ इति दधिस्नानम् ॥ घृतस्नानम् ॥ १० ॥ ॐ घृतं मिमिक्षे० सर्पिषा
सहजानन्द स्नपनं क्रियते मया । प्रसीद देवदेवेश स्वामिनारायण प्रभो ॥ इति
घृतस्नानम् ॥ मधुस्नानम् ॥ ११ ॥ ॐ मधुवाताऽऋतायते० इदं मधु गृहाण त्वं
दत्तं ते तुष्टये मया । तेजःपुष्टिकरं दिव्यं स्नानाय धर्मनन्दन ॥ इति मधुस्नानम् ॥
शर्करास्नानम् ॥ १२ ॥ ॐ अपां रसमुद्वयसं० इक्षुसारसमुद्भूतां शर्करां पुष्टिकारि-
काम् । स्नानार्थं च मयाऽऽनीतां गृहाण धर्मनन्दन ॥ इति शर्करास्नानम् ॥ गन्धो-
दकस्नानम् ॥ १३ ॥ ॐ गन्धद्वारां दुराधर्षां० चन्दनागरुकर्पूरकुङ्कुमादिसमन्वितम् ।
गन्धं गृहाण स्नानाय स्वामिनारायण प्रभो॥ इतिगन्धोदकस्नानम्॥ उद्वर्तनस्नानम्।१४
ॐ अंशुना ते अंशुः० सुगन्धिद्रव्यसंमिश्रं तैलं सह हरिद्रया । उद्वर्तनं मयादत्तं स्नानार्थं

प्रतिगृह्यतां इति उद्वर्तनस्नानम्॥ शुद्धोदकस्नानम्॥ ॐ आपोहिष्ठामयोभुवः० नानातीर्थादृहृतं यत्नातोयमुष्णीकृतंमया। स्नानार्थं सहजानन्द गृहाण धर्मनन्दन ॥इति शुद्धोदकस्नानम् ॥ पंचामृतादिस्नानाङ्गपूजा श्रीस्वामिनारायणाय नमः वस्त्रोपवस्त्रार्थे अक्षतान् समर्पयामि । यज्ञोपवीतार्थे अक्षतान् समर्पयामि । गन्धं समर्पयामि । नानापरिमलसौभाग्यद्रव्याणि समर्पयामि । यथाऋतुकालोद्भवपुष्पाणि समर्पयामि । दीपं दर्शयामि । धूपमाघ्रापयामि । शर्करोपहारनैवेद्यम्—प्राणाय स्वाहा. अपानाय स्वाहा. व्यानाय स्वाहा. समानाय स्वाहा. उदानाय स्वाहा । नैवेद्यं निवेदयामि नैवेद्यान्ते हस्तप्रक्षालनं मुखप्रक्षालनञ्च समर्पयामि । करोद्वर्तनार्थे चन्दनं समर्पयामि । मुखवासार्थे पूगीफलताम्बूलंसमर्पयामि । हिरण्यमुद्रादक्षिणां समर्पयामि । कर्पूरारार्तिक्यं दर्शयामि । प्रदक्षिणाः समर्पयामि । मन्त्रपुष्पयुक्तनमस्कारं समर्पयामि । विशेषार्घ्यं समर्पयामि । प्रार्थनां समर्पयामि । अनेन पंचामृतादिस्नानाङ्गभूतपूजाकृतेन श्रीस्वामिनारायणदेवः प्रीयतां नमम । (निर्माल्यं विसृज्य पुनश्च गन्धाक्षतपुष्पाणि समर्प्य पुरुषसूक्तेन विष्णुसहस्रनाम्ना जनमङ्गलेनवासर्वमङ्गलेन महाभिषेकं कृत्वा द्यौः शान्तिरितिशान्त्यभिषेकं-

कृत्वा ॐ शान्तिः शान्तिः सुशान्तिर्भवतु । सर्वारिष्टशान्तिर्भवतु । ॐ अमृताभिषेकोऽस्तु । श्रीस्वामिनारायणायनमः अभिषेकं समर्पयामि । शुद्धोदकस्नानम् ॥१५॥ गङ्गादिभ्यः समानीतं सुवर्णकलशे स्थितम् । गृहाण सहजानन्द स्नानाय निर्मलं जलम् । इति शुद्धोदकस्नानम् । वस्त्रम् ॥ १६ ॥ ॐ तस्माद्यज्ञात्सर्वहुतऽऋचः० सर्वभूषाधिके सौम्ये लोकलज्जानिवारणे । त्वदर्थमाहृते वस्त्रे गृहाण धर्मनन्दन ॥ इतिवस्त्रद्वयार्पणम् ॥ यज्ञोपवीतम् ॥ १७ ॥ ॐ तस्मादश्वाऽअजायन्त० ब्रह्मविष्णुमहेशैश्च निर्मितं ब्रह्मसूत्रकम् । यज्ञोपवीतदानेन प्रीयतां धर्मनदन्न ॥ इति यज्ञोपवीतम् । आभरणानि ॥ १८ ॥ अनेकरत्नयुक्तानि स्वामिनारायण प्रभो । भूषणानि त्वदङ्गेऽहं योजयामि प्रसीदमे ॥ इति आभरणानि ॥ गन्धः ॥ १९ ॥ ॐ तं यज्ञं बर्हिष० ॐ गन्धद्वारां दुराधर्षां० श्रीखण्डं चन्दनंदिव्यं गन्धाऽऽढ्यं सुमनोहरम् । भगवन्सहजानन्द गृहीत्वा त्वं प्रसीदमे । इति गन्धः । अक्षताः ॥ २० ॥ ॐ अक्षन्नमीमदं० रक्ताक्षतांश्च देवेश स्वामिनारायण प्रभो । गृहाण सहजानन्द मम सौख्यं च वर्धय ॥ इति अक्षतार्पणम् ॥ पुष्पाणि ॥ २१ ॥ ॐ यत्पुरुषं व्यदधुः० नानापङ्कजपुष्पैश्च ग्रथितां मोगरैरपि । दिव्यां मालां गृहाण त्वं स्वामिनारायण

प्रभो इति मालार्पणम् । कुङ्कुमम् ॥ २२ ॥ कुङ्कुमं कामुकं दिव्यं कामिनां कामसंभवम् । भगवन्सहजानन्द गृहीत्वा त्वं प्रसीद मे ॥ इति कुङ्कुमम् । परिमलद्रव्याणि ॥ २३ ॥ ॐ अहिरिवभोगैः० कस्तूर्याद्यैर्विमिश्रं च नाना चूर्णैः सुगन्धिभिः । गन्धद्रव्यंगृहाण त्वं स्वामिनारायण प्रभो ॥इति सुगन्धिपरिमलद्रव्याणि ।धूपः॥२४॥ ॐ ब्राह्मणोऽस्य० दशाङ्गं गुग्गुलं धूपमुत्तमं धर्मनन्दन आघ्रेयं सर्वदेवानां त्वंगृहाण दयांकुरु ॥ इति धूपः । दीपः ॥ २५ ॥ ॐ चन्द्रमा मनसो० दीप्तं ज्ञानप्रदं चारुघृतवर्तिसमन्वितम् । गृहाण मंगलं दीपं भगवन्धर्मनन्दन ॥ इति दीपः । नैवेद्यम् ॥ २६ ॥ ॐ नाभ्या आसीदन्त० भक्ष्यैर्नानाविधैर्युक्तं नैवेद्यं घृतपाचितम् । गृहाण सहजानन्द नानापक्वफलैस्तथा ॥ प्राणाय स्वाहा. अपानाय स्वाहा व्यानाय स्वाहा. उदानाय स्वाहा समानाय स्वाहा. इतिनैवेद्यसमर्पणम् नैवेद्यमध्ये पानीयम् ॥ २७ ॥ एलोशीरलवङ्गादिकर्पूरपारवासितम् । आतितृप्तिकरं तोयं सुगन्धि च पिबेच्छया ॥ इति मध्ये पानीयम् । उत्तरापोशनम् ॥ २८ ॥ उत्तरापोशनार्थं ते दद्मि तोयं सुवासितम् । मुखपाणिविशुद्धयर्थं पुनस्तोयं ददामि ते ॥

इति उत्तरापोशनं हस्तप्रक्षालनं मुखप्रक्षालनमाचमनीयञ्च समर्पयेत् । कराङ्गोद्वर्तनम् ॥ २९ ॥ कस्तूरीकुङ्कुमोपेतं गोरोचनसमान्वितम् । कराङ्गोद्वर्तनं गन्धं गृहाण धर्मनन्दन ॥ इति करोद्वर्तनार्थं चन्दनम् आचमनम् ॥ ३० ॥ सर्वं पापहरं दिव्यं गाङ्गेयं निर्मलं जलम् । आचमनं मयादत्तं गृहाण धर्मनन्दन ॥ इति आचमनम् । मुखवासार्थे ताम्बूलम् ॥ ३१ ॥ ॐ यत्पुरुषेण० लवङ्गकर्पूरयुतं ताम्बूलं सुरपूजितम् । भक्त्या ददामि देवेश गृहाण धर्मनन्दन ॥ इति ताम्बूलम् । फलम् ॥ ३२ ॥ ॐ याः फलिनीर्या० फलान्यमृततुल्यानि स्थापितानि तवाग्रतः । तेनमे सफलावाप्तिर्भवेज्जन्मनि जन्मनि ॥ इति फलम् ॥ दक्षिणा ॥ ३३ ॥ ॐ हिरण्यगर्भः समवर्तताग्रे० न्यूनातिरिक्तपूजायाः सम्पूर्णफल लब्धये दक्षिणां सहजानन्द दाश्ये तुभ्यं दयां कुरु ॥ इति दक्षिणार्पणम् ॥ कर्पूरारातिक्यम् ॥ ३४ ॥ ॐ इदं हविः प्रजननम्मे० कर्पूरनिर्मितं रम्यं स्वर्णपात्रे निवेशितम् । नीराजनं गृहाणेदं स्वामिनारायण प्रभो ॥ इति कर्पूरारातिक्यम् । प्रदक्षिणा ॥ ३५ ॥ ॐ सप्तास्यासन्परि० प्रदक्षिणीकरोमित्वां स्वामिनारायण प्रभो । पापानि नाशमायान्तु प्रदक्षिणपदे पदे ॥ इति प्रदक्षिणा-

पणम् मंत्रपुष्पाञ्जलिः ॥ ३६ ॥ ॐ यज्ञेन यज्ञमयजन्त० मालतीमल्लिकाजातीपद्ममन्दारचम्पकैः । पुष्पाञ्जलिं गृहाण त्वं भगवन्धर्मनन्दन ॥ इतिमन्त्रपुष्पाञ्जलिः । विशेषार्घः ॥ ३७ ॥ रक्ष त्वं सहजानन्द रक्ष त्रैलोक्यरक्षक । भक्तानामभयं कर्ता त्राता भव भवार्णवात् ॥ वरद त्वं वरं देहि वाञ्छितं वाञ्छितार्थद । गृहाणार्घ्यं मयादत्तं स्वामिनारायण प्रभो ॥अनेन सफलार्घ्येण फलदोऽस्तु सदा मम । (इतिमंत्रेण पूगीफल हिरण्यगन्धाक्षतपुष्पैः संयुक्तफलेन अर्घ्यमेकं दद्यात्)इतिविशेषार्घः । नमस्कारः ॥ ३८ ॥ नमः सर्वहितार्थाय जगदाधार हेतवे । साष्टाङ्गः सहजानन्द भक्त्या तुभ्यं समर्पितः ॥ स्वामिनारायणं देवं वन्देऽहं कामदं विभुम् । लीलया वर्त्तते विश्वं यस्य तस्मैनमोनमः ॥ इतिनमस्कारः । प्रार्थना ॥३९॥ यन्मया भक्तियुक्तेन पत्रं पुष्पं फलं जलम् । निवेदितं च नैवेद्यं तद्गृहाणानुकम्पया ॥ इति प्रार्थना । क्षमापनम् ॥ ४० ॥ आवाहनं न जानामि न जानामि तवार्चनम् । पूजां चैव न जानामि क्षमस्वपरमेश्वर ॥ मंत्रहीनं क्रियाहीनं भक्तिहीनं सुरेश्वर । यत्पूजितं मया देव परिपूर्णं तदस्तुमे ॥ यदक्षरपदभ्रष्टं मात्राहीनं च यद्भवेत् । तत्सर्वं क्षम्यतां

देव प्रसीद परमेश्वर ॥ अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम । तस्मात्कारुण्यभावेन क्षमस्व धर्मनन्दन ॥ गतं पापं गतं दुःखं गतं दारिद्र्यमेव च । आगता सुखसम्पत्तिः पुण्याहं तव दर्शनात् ॥ इति क्षमापनम् ॥ अर्पणम् ॥ ४१ ॥ अनेनावाहनासनपाद्यार्घ्याचमनीयस्नानवस्त्रोपवीतगन्धपुष्पाक्षतधूपदीपनैवेद्यताम्बूलदाक्षिणाप्रदक्षिणामंत्रपुष्परूपैः षोडशोपचारैः पञ्चोपचारैश्च यथाज्ञानेन यथामिलितोपचारद्रव्यैः कृतेन पूजनाख्यकर्मणा श्रीस्वामिनारायणः प्रीयतां न मम । ब्रह्मार्पणमस्तु । विष्णवेनमः विष्णवेनमः विष्णवेनमः यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु । न्यूनं सम्पूर्णतां याति सद्यो वन्दे तमच्युतम् ॥ तीर्थ (पादोदक) ग्रहणमंत्रः। ४२ पादोदकं धर्मपुत्र पिबति यो नरस्तव। तस्यान्तर्गतजं पापं नश्यति नात्रसंशयः ॥ अथप्रसाद भक्षणमंत्रः । ४३ नारायणप्रसादं तु गृहीत्वा भक्तिभावतः । सर्वान्कामानवाप्नोति प्रेत्य सायुज्यमाप्नुयात् ॥इति स्वामिनारायणकथा पूजाविधिः समाप्तः॥

॥ श्री सहजानन्दाय नमो नमः ॥

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्री स्वामिनारायण कथा ॥

॥ प्रथमोऽध्यायः ॥

वन्दे श्रीसहजानन्दं भक्तमानसगोचरम् ॥
प्रसादात्पामरा यस्य शतशो मुक्ततां गताः ॥१॥

જે શ્રી સહજાનન્દ સ્વામિની પ્રસન્નતાથી સેંકડો પામરજન મોક્ષ પામી ગયા છે ને વળી જે ભક્ત લોકોના મનમાં પ્રકટ થઈ દર્શન આપે છે એવા શ્રી સહજાનન્દ સ્વામિ મહારાજને હું નમસ્કાર કરૂં છું ॥ ૧ ॥

शतशः परमहंस मध्येनित्यं विराजितम् ॥
दधतं वर्णिवेषं तं चेतसि चिन्तयाम्यहम् ॥२॥

હજારો પરમ હંસોની વચમાં નિરન્તર બેઠેલા (બેસનારા) અને બ્રહ્મચારીના વેષવાળા એવા શ્રી સહજાનન્દ સ્વામિ મહારાજને મારા ચિત્તને વિષે ચિન્તવન કરૂં છું ॥ ૨ ॥

वर्तते गुर्जरे देशे श्रीपुराख्यं पुरं महत् ॥
स्वच्छमौक्तिकमाणिक्यपताकातोरणोज्ज्वलम् ॥३॥
नानासमृद्धिभिः पूर्णं यन्त्रैश्च विविधैस्तथा ॥

ગુજરાત દેશમાં સ્વચ્છ સુન્દર મોતી મણિ ધજાઓ અને તોરણોથી શોભતું વળી અનેક પ્રકારની સમૃદ્ધિઓથી ભરેલું તેમ જ અનેક પ્રકારનાં

યંત્રો (મીલ જીન મશીન એંજીન વિગેરે યંત્રો) વડે શોભતું શ્રીપુર (અમદાવાદ) નામનું એક મોટું નગર છે ॥ ૩ ॥

तत्पुरे मध्यभागेऽस्ति विशालं मन्दिरं महत् ॥४॥
शिखरत्रयशोभाढ्यं पताकाद्यैरलङ्कृतम् ॥

તે નગરના મધ્યભાગમાં વિશાલ એક મોટું મંદિર છે કે જે મંદિર ત્રણ શિખરોવાળું હોવાથી અત્યન્ત શોભીતું છે વળી જે મંદિર ઉપર ધજાઓ ફરકી રહેલી છે. ॥ ૪ ॥

मन्दिरे तत्र हर्याद्या नरनारायणादयः ॥५॥
तिष्ठन्ति सर्वलोकानां हिताय परमादरात् ॥
नरनारायणावासाद्विख्यातं जगतीतले ॥६॥

દરેક લોકોના હિતને માટે શ્રીહરિકૃષ્ણ મહારાજ વિગેરે તથા નરનારાયણ દેવ વિગેરે ભગવાન્‌ની દિવ્ય મૂર્તિઓ તે મંદિરમાં વાસ કરી રહેલી છે. વળી અત્યન્ત આદરથી નરનારાયણ ભગવાનનો ત્યાં વાસ થવાથી આખી પૃથ્વી ઉપર શ્રીનગર (અમદાવાદ) અત્યન્ત પ્રસિદ્ધ થયેલું છે ॥ ૫–૬ ॥

तत्रैकदा सुखासीनं ब्रह्मानन्दमुनिंगुरुम् ॥
ज्येष्ठजिन्नाम राजाऽसौ पप्रच्छ विनयान्वितः ॥७॥

તે મંદિરમાં સુખથી બેઠેલા અને મુનિઓના ગુરૂ એવા બ્રહ્માનન્દ મુનિને જ્યેષ્ઠજીત્ નામના રાજા વિનયથી પુછવા લાગ્યા ॥ ૭ ॥

॥ श्री ज्येष्ठजिदुवाच ॥

જ્યેષ્ઠજીત્ કહેવા લાગ્યા કે

मुने त्वत्तो मया सर्वं शास्त्रीयं ज्ञानमुत्तमम् ॥
श्रुतं तदपि मे चित्तं रहस्यं ज्ञातुमिच्छति ॥८॥

હે મુનિ મહારાજ, આપની પાસેથી શાસ્ત્ર સંબંધી બધું ઉત્તમ જ્ઞાન મેં સાંભળ્યું=અર્થાત્ જાણ્યું તો પણ મારૂં મન પ્રસન્ન થતું નથી અને કંઈક ગુપ્ત રહસ્ય=જ્ઞાન જાણવાની ઇચ્છા કરે છે. (તો કૃપા કરીને મને તે જ્ઞાન સંભળાવો ॥ ૮ ॥

॥ ब्रह्मानन्द मुनिरुवाच ॥

બ્રહ્માનન્દ મુનિ કહેતા હવા

राजँस्त्वया साधु पृष्टं लोकानुग्रहवाञ्छया ॥
धन्योऽसि कृतकृत्योऽसि सत्सङ्गिनां शिरोमणिः ॥९॥

હે જયેષ્ઠજીત્ રાજા, તને ધન્ય છે કારણ કે તેં લોકની ઉપર દયા કરવાની ઇચ્છાથી સારો પ્રશ્ન કર્યો=બહુ જ સારૂં પુછ્યું. તે જ કારણથી તું સત્સંગિઓમાં શિરોમણિ=મુખ્ય છે એટલા માટે તું કૃતકૃત્ય=કૃતાર્થ છે. ॥ ૯ ॥

यथैवाद्य त्वया पृष्टं तथा जिज्ञासवे पुरा ॥
वासुदेवानन्दमुनि र्मोहजिन्नृभृतेऽवदत् ॥१०॥

તમોએ હાલ જેમ પુછયું તે જ પહેલાં જીજ્ઞાસુ મોહજીત્ રાજાએ વાસુદેવાનન્દ મુનિને પુછયું હતું અને તે વાસુદેવાનન્દ મુનિએ મોહજીત્ રાજાને કહ્યું હતું. ॥ ૧૦ ॥

अपि गोप्यं स्नेहवशाद् ब्रवीम्यादरतः शृणु ॥
यस्य श्रवणमात्रेण नश्यन्ति सर्वसंशयाः ॥११॥

તે બધું છાનામાં છાનું અર્થાત્ અત્યન્ત ગોપ્ય સંતાડવા લાયક હોવા છતાં પણ સ્નેહથી તને કહું છું તે તું શ્રદ્ધાપૂર્વક સાવધાન થઈને સાંભળ. કારણ કે જેના સાંભળવાથી જ મનમાં રહેલા દરેક સંશયો દૂર થઈ જાય છે. ॥ ૧૧ ॥

श्री ज्येष्ठजिदुवाच

શ્રી જ્યેષ્ઠજીત્ રાજા બોલતા હવા કે

भगवन्कुत्र देशे तत्कुत्र तीर्थे सुशोभने ॥
सर्वलोकहितं किञ्च पृष्टं तेन महीभुजा ॥१२॥

હે ભગવન્ ? તે સંવાદ કયા દેશમાં અને કયા ઉત્તમ તીર્થમાં થયો અને તે રાજાએ સર્વલોકનું હિત શું પુછ્યું ? ॥ ૧૨ ॥

तत्सर्वं श्रोतुमिच्छामि यदि तेऽनुग्रहो मयि ॥
रहस्याख्यानमाख्याय चित्तं मे विमलीकुरु ॥१३॥

(હે મુનીમહારાજ) જો આપની મારા ઉપર કૃપા હોય તો તે બધું સાંભળવાની ઇચ્છા કરૂં છું. તે ગુપ્ત આખ્યાન મને કહીને મારા ચિત્તને નિર્મલ કરો. ॥ ૧૩ ॥

॥ श्री ब्रह्मानन्दमुनिरुवाच ॥

શ્રી બ્રહ્માનન્દ મુનિ બોલતા હવા

श्रीगुर्जरावनितले पुरमस्तिरम्यं
क्षेत्रेषु पूज्यमधिकं जयतल्पसंज्ञम् ॥
यज्ञैर्वृषात्मजकृतैर्द्विजतर्पणैस्तत्
पूतं पवित्रमनुजैः परिसेवनीयम् ॥ १४ ॥

શ્રી ગુજરાત દેશમાં અનેક ક્ષેત્રોમાં શ્રેષ્ઠ એટલા માટે પૂજવા લાયક, જયતલ્પ (જેતલપુર) નામનું સુંદર એક નગર છે. ધર્મદેવના પુત્ર શ્રી સહજાનન્દ સ્વામી મહારાજે ત્યાં ઘણા યજ્ઞો કરી બ્રાહ્મણોને તૃપ્ત પ્રસન્ન કરીને તે નગરને પવિત્ર કરેલું છે માટે હરિજનોને તે સેવવા લાયક છે ॥૧૪॥

तत्र क्षेत्रे मन्दिरं चास्ति रम्यं
तन्मध्ये देवालयानां त्रयं च ॥
तेष्वा लोक्या रत्नभूषादिरम्याः
सद्भिः सेव्या मूर्तयः श्रीहरेश्च ॥ १५ ॥

તે (જયતલ્પ) ક્ષેત્રમાં સુંદર મંદિર છે. તેના મધ્ય ભાગમાં ત્રણ મોટાં દેવાલય છે. તે દેવાલયમાં રત્ન વિગેરે અનેક પ્રકારના આભૂષણોથી શોભયમાન અને સાધુ પુરૂષોને સેવવા લાયક તથા દર્શન કરવા લાયક શ્રી ભગવાનની મૂર્તિઓ છે ॥ ૧૫ ॥

तस्मात्पश्चिमभागगं सुरमणं स्थानं मखस्यास्तितत्
कुण्डे श्रीहरिणा हुतं बहु हविश्चाज्यादिसंमिश्रितम् ।

आयातास्तु विदेशतो द्विजवरा यज्ञक्रियाकौशलाः
संतृप्ता घृतसंप्लुतेन हविषा पक्वान्नभोज्यादिना ॥१६॥

તે મંદિરના પશ્ચિમ ભાગમાં શ્રીહરિએ કરેલા યજ્ઞનું સુંદર સ્થાન છે. ને તે સ્થાનના મધ્યભાગમાં જે કુંડ છે તેમાં શ્રીહરીએ દેશ દેશથી યજ્ઞક્રિયામાં કુશલ એવા ઉત્તમ શ્રોત્રિય બ્રાહ્મણોને બોલાવીને જવતલ ઘી વિગેરે ઘણું હોમેલું છે ને તે બોલાવેલા બ્રાહ્મણોને ઘીથી નેંતરતા લાડુ, તથા પકવાન્ન વિગેરેથી જમાડીને તૃપ્ત કર્યા હતા ॥ ૧૬ ॥

तस्मादाराद्वाटिकैका फलाढ्यै-
र्नानावृक्षैः पुष्पितैश्चम्पकाद्यैः ॥
वल्लीनां या मण्डपैः साधुसेव्या
सर्वैर्वन्द्या धार्मिपादाङ्कितत्वात् ॥ १७ ॥

તે યજ્ઞસ્થાનના નજીક એક સુંદર બગીચો છે કે જે બગીચામાં અનેક પ્રકારનાં ફળોથી શોભતાં ઘણાં ઝાડ તથા ખીલેલાં પુષ્પવાળાં ચમ્પા વિગેરેનાં ફુલઝાડ છે. વળી તે બગીચો ઘણા પ્રકારની વેલોના માંડવાથી ઘણો શોભા આપે છે તે બગીચો ધર્મ દેવના પુત્ર શ્રીજી મહરાજના ચરણ કમલથી પ્રસાદી રૂપ થયેલો છે. તેથી સાધુજનોને સેવવા લાયક છે. ॥ ૧૭ ॥

तद्वाटिकानिकटदेवसरोऽस्ति हृद्यं
पुष्पाढ्यवृक्षवलितं विशदं विशालम् ॥
दूरीकरोति दुरितं सकलं जनानां
स्नानेन सर्वजनपापमलं धुनोति ॥ १८ ॥

તે બગીચાની પાસે એક મોટું વિશાળ સુંદર દેવ સરોવર છે. તે

સરોવરની ચારે તરફ અનેક પ્રકારનાં ઝાડ ઉગવાથી અત્યન્ત શોભિતું છે. તે સરોવરમાં જે માણસો સ્નાન કરે છે તેમનાં બધાં પાપ નાશ પામી જાય છે. ॥ ૧૮ ॥

तत्तीरे प्रवरशिलासुधाधितुङ्ग-
प्राकारावृतविलसत्सुगोपुराढ्यः ॥
प्रासादोऽस्ति गगनलग्नपूर्वभाग-
स्तस्योर्ध्वे समचतुरस्त्रचन्द्रशाला ॥ १९ ॥

તે સરોવરના કાંઠા ઉપર મોટા મોટા પથરાઓથી અને ચુનાથી બનાવેલો એક મોટો રાજમહેલ છે તે રાજમહેલની ફરતો ચારે તરફ કિલ્લો છે. ને તેમાં પેસવાનો મોટો દરવાજો છે. ને તે રાજમેહેલ એટલો બધો ઉંચો છે કે તેનો આગળનો ભાગ (હેઠ) આકાશ સુધી ગયેલો છે ને તેના ઉપર એક ચોખંડી અગાશી છે. ॥ ૧૯ ॥

श्रीधर्मपुत्रपदपङ्कजरेणुपूतं
प्रासादशृङ्गमतिरम्यमलौकिकञ्च ॥
तद्दर्शनस्य फलवर्णनमत्र कर्तुं
शक्ता बृहस्पतिमुखा न सुराः कुतोऽन्ये ॥२०॥

તે અત્યન્ત સુન્દર અગાશી ધર્મદેવના પુત્ર શ્રી સહજાનન્દ સ્વામીના ચરણકમલની રજથી પવિત્ર થયેલી છે તેથી અલૌકિક લાગે છે. ને તેના દર્શન કરવાથી જે ફલ થાય છે તેનું વર્ણન તો બૃહસ્પતિ જેમાં મુખ્ય છે એવા દેવો પણ કરી શકતા નથી તો બીજા તો કયાંથી જ કરી શકે ॥ ૨૦ ॥

लोकेत्वक्षरधामतुल्यगुणवन्निश्चित्य सर्वे सुरा
आयान्ति प्रतिवासरं वृषशिशोः पादाब्जरेणवाङ्कितम् ॥

स्वीकुर्वन्त्यत आदरेण शिरसा श्रीचन्द्रशालारजः
क्षेत्रं पुण्यतमं हि राजभवनं प्रख्यातकीर्ति ध्रुवम् ॥२१॥

લોકમાં અક્ષરધામના જેવા ગુણોવાળું તે ક્ષેત્ર છે એમ નિશ્ચય કરીને દેવો નિત્ય ત્યાં આવે છે, ને શ્રીજીમહારાજના ચરણકમલની રજથી ચિન્હિત (પવિત્ર) થએલી તે અગાશીની રજને આદરથી તે દેવો માંથે ચઢાવે છે તેથી સર્વ ક્ષેત્રો કરતાં અધિક પુણ્યવાળો અને લોકમાં પ્રસિદ્ધ કીર્તિવાળો તે રાજમહેલ થયો છે. ॥ ૨૧ ॥

एतत्क्षेत्रप्रभावेण तत्रायान्ति सुरोत्तमाः ॥
ब्रह्मादयोऽपि देवाश्च वसिष्ठाद्यास्तपोधनाः ॥२२॥

એ ક્ષેત્રના પ્રભાવથી દેવોમાં શ્રેષ્ઠ એવા બ્રહ્મા વિષ્ણુ વિગેરે દેવો તે ક્ષેત્રમાં આવે છે. અને તપસ્વિ વસિષ્ઠ વિગેરે મુનિઓ પણ ત્યાં આવે છે. ॥ ૨૨ ॥

ऋषयः पितरो यक्षा गन्धर्वाप्सरसां गणाः ॥
क्रीडन्ति मातरस्तत्र श्रीहरेः प्रीतये सदा ॥२३॥

વળી અનેક ઋષિઓ, પિતૃઓ યક્ષ ગન્ધર્વ અને અપ્સરાઓ તે ક્ષેત્રમાં આવે છે. શ્રી સહજાનન્દ સ્વામીની પ્રસન્નતાને માટે દેવીઓ આવીને ત્યાં નિરંતર ક્રીડા કરે છે. ॥ ૨૩ ॥

वर्णिनः साधवः पद्धाः समायान्ति मुदा युताः ॥
चातुर्वर्ण्यजनाः सर्वे तत्रायान्ति हि सर्वदा ॥२४॥

બ્રહ્મચારી, સાધુ અને પાળા હર્ષથી ત્યાં આવે છે અને ચારે વર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર) પણ ત્યાં નિત્ય આવે છે. ॥ ૨૪ ॥

वेदपारायणं विप्राः स्थित्वा केचित्प्रकुर्वते ॥
स्नानहोमपराः केचित्तपः स्वाध्यायतत्पराः ॥२५॥

કેટલાક બ્રાહ્મણો તે ક્ષેત્રમાં રહીને વેદનું પારાયણ કરે છે. કેટલાએક બ્રાહ્મણો ત્યાં સ્નાન કરે છે તો કેટલાએક ત્યાં હોમ કરે છે. કેટલાએક ત્યાં તપ કરે છે તો કેટલાએક બ્રાહ્મણો વેદનો જ પાઠ કરે છે. ॥ ૨૫ ॥

एकाहारा निराहारा यतयः संशितव्रताः ॥
अब्भक्षा वायुभक्षाश्च शीर्णपर्णाशिनस्तथा ॥२६॥

તે ક્ષેત્રમાં કેટલાક એક મુનિઓ એક જ વખત આહાર કરીને તપ કરે છે. તો કેટલાક એક અત્યન્ત તીવ્ર વ્રત કરનારા મુનિઓ આહાર કર્યા વગર જ રહે છે. કેટલાક એક જલપાન કરીને રહે છે તો કેટલાક એક વાયુનું જ ભક્ષણ કરીને રહે છે. વળી કેટલાક એક મુનિઓ તો ખરી પડેલાં સુકાં પાંદડાં ખાઈને જ તપશ્ચર્યા કરે છે. ॥ ૨૬ ॥

आचरन्ति तपश्चर्यां तापसास्तत्र केचन ॥
कुर्वन्तिविविधान्यत्र व्रतानि हरितुष्टये ॥२७॥

આવી રીતે તે ક્ષેત્રભૂમિમાં કેટલાક એક તપસ્વીઓ તપશ્ચર્યા કરે છે. શ્રીહરિને પ્રસન્ન કરવા માટે ચાન્દ્રાયણ વિગેરે અનેક પ્રકારનાં દુષ્કર વ્રતો પણ કરે છે. ॥ ૨૭ ॥

तत्क्षेत्रचन्द्रशालायां प्रफुल्लितमना मुनिः ।
वासुदेवानन्दवर्णी शान्तेन मनसा स्थितः ॥२८॥

તે ક્ષેત્રની અગાશી ઉપર આનન્દ યુક્ત મનવાળા વાસુદેવાનન્દ બ્રહ્મચારી તે વખતે શાન્ત મનથી બેઠેલા હતા. ॥ ૨૮ ॥

तं मुनिंदूरतो दृष्ट्वा श्रद्धासंभृतमानसः ।
श्रीकिंशुकपुराधीशो ननाम दण्डवन्नृपः ॥२९॥

શ્રદ્ધાથી મન જેનું ભરાઈ ગયું છે એવા કિંશુકપુરના સ્વામી રાજા

મોહજીતે દૂરથી તે મુનિનાં દર્શન કરીને તે મુનિમહારાજને સાષ્ટાંગ દણ્ડવત્પ્રણામ કર્યા. ॥ ૨૯ ॥

दर्शनेन कृतकृत्य मात्मानं मानयन्निजम् ।
दूरीकर्तुं मनश्चिन्ता मिदमाहकृताञ्जलिः ॥३०॥

તે મુનિનાં દર્શન કરવાથી જ પોતાના આત્માને કૃતાર્થ થયેલો માની પોતાના મનની ચિન્તા દૂર કરવા સારૂ તે રાજા બે હાથ જોડીને બોલ્યા. ॥ ૩૦ ॥

श्रीमोहजिदुवाच

શ્રી મોહજીત રાજા પુછતા હવા કે

भगवँस्त्वामहंकिञ्चित्प्रष्टुमिच्छामितद्वद ।
घोरे कलियुगे प्राप्ते लोकाः पुण्यविवर्जिताः ॥३१॥

હે ભગવન્ હું આપને કંઇ પુછવાની ઇચ્છા રાખું છું તે કૃપા કરીને મને કહો. આ ઘોર કલિયુગ આવ્યો છે તેમાં લોકો પુણ્ય વગરના થઈ ગયા છે. ॥ ૩૧ ॥

मन्दवीर्या मन्दभाग्या मन्दप्रज्ञा मदोद्धताः ।
पराङ्गनासक्तचित्ताः परद्रव्याभिकांक्षिणः ॥ ३२ ॥

વળી થોડા પરાક્રમવાળા, મન્દ ભાગ્યવાળા, અને મન્દ બુદ્ધિવાળા થયા છે તેમ જ મદથી ઉદ્ધત બની ગયેલા લોકો જોવામાં આવે છે. વળી બીજાની સ્ત્રીઓમાં જેમનાં ચિત્ત ચોટી ગયેલાં છે એવા અને પારકું ધન લઈ લેવાની જ ઇચ્છાવાળા લોકો જોવામાં આવે છે. ॥ ૩૨ ॥

मिथ्याऽपवादचतुरा जीवहिंसापरायणाः ।
अधर्माचरणे सक्ताः स्वधर्मात्तु पराङ्मुखाः ॥३३॥

કોઈ ઉપર મિથ્યા અપવાદ મુકવામાં ઘણા ચતુર અને જીવહિંસા કરનારા, અધર્મનું આચરણ કરવામાં તૈયાર અને પોતાના ધર્મથી રહિત ભ્રષ્ટ થએલા લોકો જોવામાં આવે છે. ॥ ૩૩ ॥

मातापित्रादि सम्बन्धे कृतद्वेषा हि नास्तिकाः ।
देहात्मदृष्टयः कामकिंकराः स्त्रैणवृत्तयः ॥ ३४ ॥

મા, બાપ તથા સંબંધિ લોકોની સાથે દ્વેષ=ઝેર કરનારા, નાસ્તિક અને દેહાભિમાની, ઘણા કામી અને સ્ત્રીઓમાં લંપટ થયેલા લોકો જોવામાં આવે છે. ॥ ૩૪ ॥

अपेयपाननिरता अभक्ष्यभक्षणप्रियाः ।
अनृत भाषणे दक्षाः सत्यलेशात्पराङ्मुखाः ॥ ३५ ॥

ન પીવા લાયક વસ્તુ પીવામાં તૈયાર, ન ખાવા લાયક વસ્તુ ખાવામાં

શોખીન, જુઠું બોલવામાં ડાહ્યા, અને સાચું નહિ બોલવામાંજ પ્રેમવાળા લોકો થઈ ગયા છે. ॥ ૩૫ ॥

परद्रव्यापहरणे कुशलाः कामबुद्धयः ।
कुशला ब्रह्मवार्तायां शठाश्च पशुवृत्तयः ॥ ३६ ॥

પારકું ધન પડાવી લેવામાં હુંશિયાર વ્યભિચારમાં બુદ્ધિ રાખનારા, ઉપરથી ઈશ્વર સંબંધી (વેદાન્તની) વાતો કરવામાં કુશલ, મનના કપટી અને પશુના જેવી વૃત્તિવાળા લોકો થઈ ગયા છે ॥ ૩૬ ॥

विप्राः स्वधर्मराहिताः वेदविक्रयजीविनः ।
परेषां वञ्चने दक्षा विद्यामदविमोहिताः ॥ ३७ ॥

બ્રાહ્મણો પણ પોતાના ધર્મથી ભ્રષ્ટ થયેલા, અને વેદને વેચી પોતાનુ જીવન ચલાવનારા, વળી બીજાઓને છેતરવામાં ચતુર અને વિદ્યાના મદથી મોહ પામેલા જોવામાં આવે છે.

क्षत्रिया अपि शौर्येण हीनाः भ्रष्टाः स्वकर्मणः ।
तथा वैश्याः समस्ता ये स्वधर्मत्यागशीलिनः ॥ ३८ ॥

ક્ષત્રિયો પણ શૌર્ય ગુણ વગરના અને પોતાના કર્મથી ભ્રષ્ટ થયેલા છે.તેવીજ રીતે વૈશ્યો પણ પોતાના ધર્મનો ત્યાગ કરનારા થયેલા છે ॥૩૮॥

शूद्रास्तु ब्राह्मणाचारे तत्पराः शास्त्रशीलिनः ।
वेदवेदाङ्गपठने सक्ता मिथ्याभिमानिनः ॥ ३९ ॥

શૂદ્રો તો બ્રાહ્મણનો આચાર પાળનારા, શાસ્ત્ર ભણનારા વેદ અને વેદનાં છ અંગ (વ્યાકરણ જ્યોતિષ, છન્દ, વિગેરે) ભણનારા અને મિથ્યા અભિમાન કરનારા થયા છે. ॥ ૩૯ ॥

स्त्रियस्तु नीचपुरुषे सक्ता भ्रष्टाः सहस्रशः ।
अनृतोच्चारणे दक्षा भर्त्रवज्ञापरायणाः ॥ ४० ॥

संत्यक्तस्वकुलाचारा निर्भयाः क्रूरबुद्धयः ।
निर्दया स्वामिपुत्रादिघातुक्योऽशुचयस्तथा ॥ ४१ ॥

અને સ્ત્રીઓ તો નીચ=હલકા પુરૂષની સાથે પ્રેમ કરનારી હજારો વાર ભ્રષ્ટ થયેલી જુઠું બોલવામાં ડાહી સ્વામીનો તિરસ્કાર કરનારી, પોતાના કુલનો આચાર છોડી દેનારી બીક વગરની નઠારી બુદ્ધિવાળી, દયા વગરની પોતાના ધણી તથા પુત્ર વિગેરેનો નાશ કરનારી અને અપવિત્ર, આવા દુર્ગુણોવાળી જોવામાં આવે છે. ॥ ૪૦—૪૧ ॥

एतेषां नष्टबुद्धीनां जीवानामविवेकिनाम् ।
केनोपायेन कल्याणं हरेः प्राप्तिः कथंभवेत् ॥ ४२ ॥

બુદ્ધિ વગરના ને વિવેક વિનાના તે સર્વ જીવોનું આ ઘોર કલિકાલમાં કયા ઉપાયથી કલ્યાણ થાય ને ભગવાનની પ્રાપ્તિ=પ્રસન્નતા કેવી રીતેસહેલા ઉપાયથી થઈ શકે ?

इति चिन्ताकुलं चित्तं जायते कृपया भृशम् ।
त्वमत्र सुगमोपायं श्रावयित्वा सुखं कुरु ॥ ४३ ॥

આ પ્રકારની ચિન્તાથી અત્યન્ત ઘેરાયેલું મારૂં મન=ચિત્ત છે. માટે સર્વ લોક સુખી થાય તેવો કોઇ સહેલો ઉપાય કૃપા કરીને મને કહો ॥૪૩॥

॥ ब्रह्मानन्दमुनिरुवाच ॥

બ્રહ્માનન્દ મુનિ કહેતા હવા.

इति तद्वचनं विचार्य चित्ते
करुणादृष्टिरभूच्च खिन्नचित्तः ।
सकलस्य जनस्य दुःखनाशं
हृदये स्वस्य विचारयन्सवर्णी ॥ ४४ ॥

હે જ્યેષ્ઠ જીદ્રા રાજન્ આ પ્રકારનું મોહજીત્ રાજાનું વચન સાંભળી તેઓ પણ પોતાના મનમાં વિચાર કરીને દયા આવવાથી ખેદ પામ્યા. અને આ સર્વ જીવોનું દુઃખ દૂર કયા સહેલા ઉપાયથી થાય એનો પોતે વિચાર કરવા લાગ્યા. ॥૪૪॥

इतिश्री पुराण संहितायां उत्तरखंडे स्वामिनारायणकथायां गुर्जरभाषाविभूषितायां प्रथमोऽध्यायः ।

॥ द्वितीयोध्यायः ॥

॥ श्रीज्येष्ठजिदुवाच ॥

શ્રી જ્યેષ્ઠજીત્ રાજા બોલતા હવા કે

अपूर्वोऽयं कृतः प्रश्नो जीवानां जीवनौषधम् ।

निर्मलेदृङ्मतिस्तस्य कुतो जाता नु साम्प्रतम् ॥ १ ॥

જીવોના જીવવામાં દવારૂપ આ અપૂર્વ=પૂર્વમાં કોઇએ નહિ કરેલો પ્રશ્ન કર્યો છે. મોહજીત રાજાની આવી નિર્મલ=સર્વ લોકોના કલ્યાણ કરવાની ઇચ્છાવાળી બુદ્ધિ શા કારણથી થઇ. ॥ ૧ ॥

कोऽयं वर्णी नृपः कोऽसौ कस्मिन्देशे समुद्भवः ।
कथं समागमो जातः कारणं कृपया वद ॥ २ ॥

આ બ્રહ્મચારી કોણ? તે રાજા કોણ? કયા દેશમાં ઉત્પન્ન થયેલો અને તે બન્નેનો સમાગમ કેવી રીતે થયો તે બધું કૃપા કરીને મને કહો. ॥ ૨ ॥

ब्रह्मानन्दमुनिरुवाच

બ્રહ્માનન્દ મુનિ બોલ્યા.

वर्णिनामुत्तमो वर्णी हरेः प्रेमास्पदं परम् ।
निस्वादस्त्यक्तमानादि र्गुणानां निधिरुत्तमः ॥ ३ ॥

બધા બ્રહ્મચારીઓમાં વાસુદેવાનંદ બ્રહ્મચારી ઉત્તમ હતા. કારણ કે તેઓ દરેક સ્વાદનો ત્યાગ કરનારા તથા નિરભિમાની હતા વળી ગુણોના ઉત્તમ ભંડાર હતા તેથી તેઓ ભગવાનના પરં પ્રેમાસ્પદ હતા. ॥ ૩ ॥

तस्मै स्वपीठमददा त्स्वामिनारायणः प्रभुः ।
त्यागस्य कारणाद्वर्णी तत्पीठं नाग्रहीत्स्वयम् ॥ ४ ॥

તે બ્રહ્મચારીને સ્વામિનારાયણ પ્રભુએ પોતાની ગાદી આપી પણ ત્યાગના કારણથી પોતે તે ગાદી સ્વીકારી નહિ ॥ ૪ ॥

ग्रन्थनिमाणदक्षोऽसौ समदृष्टिर्जितेन्द्रियः ।

अवसद्देवहर्म्येऽस ग्रन्थनिर्माणहेतवे ॥ ५ ॥

वृत्तान्तो वर्णिवर्यस्य प्रोक्तोऽथ भूभृतः शृणु ।

તે બ્રહ્મચારીગ્રન્થ બનાવવામાં ઘણા કુશલહતા તે સર્વ ઉપર સમાન દૃષ્ટિવાળાને જીતેન્દ્રિય હતા. ગ્રન્થ બનાવવા માટે તેઓ તે રાજમહેલમાં રહેતા હતા. આ પ્રકારે વાસુદેવાનંદ બ્રહ્મચારી મહારાજનું વૃત્તાન્ત મેં તુને કહી સંભળાવ્યું હવે મોહજીત રાજાનું વૃત્તાન્ત કહું છું તે તમે સાંભળો.॥૫॥

सौवीर विषये रम्यं किंशुकाख्यं पुरं महत् ॥ ६ ॥

महात्मा मोहजिद्राजा ररक्ष पुरमादरात् ।

यादवानां कुले जातो हरेः परमभक्तिमान् ॥ ७ ॥

સૌવીર દેશ (ઝાલાવાડ) માં કિંશુક (ખાખરેચી) નામનું એક મોટું નગર છે. યાદવોના કુલમાં ઉત્પન્ન થયેલ અને શ્રીહરિના પરમભક્ત

तस्य पुत्रस्तदधिक गुणो धर्मपरायणः ।
नृपवर्मेतिविख्यातः प्रजापालनतत्परः ॥ ८ ॥

તે મોહજીત રાજાને રાજસિંહ નામનો એક પુત્ર છે કે જે મોહજીત રાજા કરતાં પણ વધારે ગુણવાળો વળી પ્રજાનું રક્ષણ કરવામાં તત્પર=ઉત્સાહી તેમજ ધર્મમાં જ પરાયણ રહે છે ॥ ૮ ॥

तेन स्वकिंशुकपुरे तत्रोत्तमसरोवरे ।
मध्यप्रदेशपर्वते जडेश्वरशिवालयः ॥ ९ ॥
पुरातनोऽतिजीर्णःस कैलाससदृशः कृतः ।
द्रव्यव्ययं चानपेक्ष्य सूर्यकोटिसमप्रभः ॥ १० ॥

તે કિંશુક નગરમાં એક ઉત્તમ સરોવર છે. તેના વચલા ભાગમાં પર્વત છે તેના ઉપર ઘણું જુનું થવાથી અત્યન્ત જીર્ણ–પડી જવા જેવું થઈ ગયેલું

જડેશ્વર મહાદેવનું એક દહેરૂં (શિવાલય) હતુ તેને પૈસાના ખરચ તરફ ન જોતાં આ રાજસિંહ રાજાએ તે જડેશ્વર મહાદેવના દહેરાનો જીર્ણોદ્ધાર કરાવીને=અર્થાત્ નવું બનાવરાવીને તે દહેરાને=(શિવાલયને) કરોડો સૂર્યના જેવી કાંતિવાળું કૈલાસ જેવુ બનાવરાવ્યું છે, ॥ ૯—૧૦ ॥

तथा विष्णोर्मन्दिराणि शोभनानि चकार सः ।
मोहजिन्नरदेवस्य कुलं सर्वं हि भक्तिमत् ॥ ११ ॥

તેવીજ રીતે જુનાં વિષ્ણુનાં ઘણાં મન્દિરોને પણ નવાં સુન્દર બનાવરાવ્યાંછે. મોહજીત રાજાનું આખું કુલ (બધો વંશ)ભક્તિવાલોછે.॥૧૧॥

सपुत्रः सगणो राजा तीर्थयात्रामना अभूत् ।
तीर्थयात्रां प्रकुर्वाणस्तत्रायाद्वर्णिसन्निधौ ॥ १२ ॥

પુત્ર તથા પરીવાર સાથે મોહજીત્ રાજાએ તીર્થ યાત્રા કરવાનો

નિશ્ચય કર્યો અને તીર્થયાત્રા કરતો કરતો તે વાસુદેવાનન્દ બ્રહ્મચારિ પાસે આવ્યો. ॥ ૧૨ ॥

शान्तमूर्तिं ब्रह्मनिष्ठं तं दृष्वा प्रेमविह्वलः ।
वर्णिदर्शनमात्रेण जाताऽस्य विमला मतिः ॥ १३ ॥

શાંત આકૃતિવાળા ને બ્રહ્મધ્યાનમાંજ એકાગ્ર મનવાળા એવા તે બ્રહ્મચારીને જોઇને પ્રેમથી વિહ્વલ=વ્યાકુળ થઈ ગયો. તે બ્રહ્મચારીનાં દર્શન જ કરવાથી આ રાજાની બુદ્ધિ નિર્મલ-પવિત્ર થઈ ॥ ૧૩ ॥

काकतालीयवज्जातः समागमो हरीच्छया ।
मोहजितोऽपि वृत्तान्तः कथितः पुरतस्तव ॥ १४ ॥

શ્રી હરિની ઇચ્છાથીજ કાકતાલીય ન્યાયની માફક આ બ્રહ્મચરીની સાથે મોહજીત રાજાને મેળાપ સમાગામ થયો આવી રીતે મોહજીત રાજાનું વૃતાન્ત પણ મેં તને કહી સંભળાવ્યું ॥ ૧૪ ॥

ब्रह्मानन्दमुनिरुवाच ।

બ્રહ્માનન્દ મુનિ કહેતાહવા.

इति मोहजितो वाणी सर्वजीवसुखावहाम् ।
श्रुत्वा समाधिमकरो त्तत्र यच्चिन्तितं ब्रुवे ॥ १५ ॥

આવી રીતે દરેક જીવોનું કલ્યાણ કરનારી મોહજીતની વાણી સાંભળીને તે વાસુદેવા નન્દ મુનિએ સમાધિ કરી. તેમાં જે કંઇ જોયું તે હું તને કહું છું ॥ ૧૫ ॥

वासुदेवानन्दमुनिरुवाच ।

વાસુદેવાનન્દ મુનિ કહેતા હવા.

रहस्यानां रहस्यं यद् व्रतानामुत्तमं व्रतम् ।
साधनं सर्वसिद्धीनां देवानामपि दुर्लभम् ॥ १६ ॥

अप्रकाश्यं तथाऽप्यत्र तवस्नेहात्प्रकाश्यते ।
स्वामिनाराघणकथा जगत्यां दुर्लभा मता ॥ १७ ॥

રહસ્યોનું પણ રહસ્ય, સર્વ સિદ્ધિઓ આપનારૂં દેવોને પણ દુર્લભ વળી જે પ્રકાશ કરવા લાયક નથી અર્થાત્ અત્યન્ત છાનું રાખવા લાયક હોવાથી કોઈને પણ નહિ કહેવા લાયક એવું વ્રતોમાં ઉત્તમ વ્રત જે છે તે તને સ્નેહથી કહું છું. આ જગતમાં સ્વામિનારાયણ પ્રભુની કથા અત્યન્ત દુર્લભ છે. ॥ ૧૬—૧૭ ॥

सा श्रुता श्रद्धया प्रेम्णा सर्वं दहाति पातकम् ।
तनोति सर्वश्रेयांसि ददाति सर्वसंपदः ॥ १८ ॥

તે કથા શ્રદ્ધાથી તથા પ્રેમથી જો સાંભળી હોય તો બધું પાપ દૂર કરે છે. વળી બધાં કલ્યાણ તથા સર્વ સંપત્તિઓ આપે છે. ૧૮ ॥

श्रीमोहजिदुवाच ।

स्वामिनारायणकथा कदा काया फलंच किम् ।

कीदृक् पूजाविधिस्तस्याः कृतं केन च तद्व्रतम् ॥ १९ ॥

શ્રી મોહજીત બોલતા હવા કે સ્વામિનારાયણ કથા ક્યારે કરવી! તેનું ફલ શું છે? તેની પૂજા વિધિ કેવી છે. (તેની પૂજા કેવી રીતે કરવાની છે) વળી પૃથ્વી ઉપર તે વ્રત કોણે કર્યું? ॥ ૧૯ ॥

श्रीवासुदेवानन्दमुनिरुवाच ।

स्वामिनारायणं देवं यजेच्चैव निशामुखे ।
एकादश्यां पर्वदिने शुभस्थाने सुरालये ॥ २० ॥

શ્રીવાસુદેવાનન્દ મુનિ કહેતા હવા કે અગીઆરસે અથવા કોઈ પણ પર્વને દિવસ (અમાસ વ્યતીપાત મકર સંક્રાન્તિ જેવા પર્વને દિવસે) કોઈ પણ સારા સ્થાનમાં=તીર્થ સ્થાનમાં અથવા કોઈ પણ મંદિરમાં સ્વામિનારાયણ દેવની સાયંકાળ વખતે પૂજા કરવી. ॥ ૨૦ ॥

नास्ति स्थानस्य नियमः कालस्यापि तथैव च ।
यदोत्साहः प्रवर्तेत तदाकार्यं हि तद्व्रतम् ॥ २१ ॥

તીર્થસ્થાન અથવા મંદિર વિગેરે સ્થાનમાં કથા થાય એવો કંઈપણ નિયમની (જરૂર) નથી. તેમજ એકાદશી વિગેરે વખતનો પણ નિયમ નથી જે ઠેકાણે જે વખતે કથા કરવાની ઈચ્છા થાય (હર્ષ થાય) તે વખતે આ વ્રત કરવું. ॥ ૨૧ ॥

विप्रं विद्वांसमाहूय कदलीस्तंभमण्डिते ॥
पीठे मण्डलमध्येच्च कलशं स्थापयेद्‍बुधः ॥ २२ ॥

વિદ્વાન્ બ્રાહ્મણને બોલાવીને કેળના થાંભલાના મંડપમાં મંડલ કરવું. ને તે વિદ્વાને મંડલના મધ્ય ભાગમાં તાંબાના લોટાની સ્થાપના કરવી.

ताम्रपात्रयां न्यसेन्मूर्त्तिं हेमरौप्य समुद्भवाम् ॥
उपचारैः षोडशभि श्चाञ्चल्यरहितेन वै ॥ २३ ॥
भक्तियुक्तेन मनसा पूजां कुर्याद्विधानतः ॥
नैवेद्यं भक्तितो दद्या त्सपादं भक्ष्यमिश्रितम् ॥ २४ ॥

તે તાંબાના લોટાઉપર સોનાની, સોનાની ન મળે તો રૂપાની ભગવાનની મૂર્તિ મૂકવી. (પછી તેની પ્રાણપ્રતિષ્ઠા કરવી.) ચંચલપણાને દૂર કરી, ભક્તિવાળા મન વડે શાસ્ત્રમા કહ્યા પ્રમાણે સોળ ઉપચારો વડે તેની પૂજા કરવી. પછી સવાશેર ઘીનો બનાવેલો શીરો તથા ફલફુલ વિગેરે જે કંઈ પોતાની શક્તિ પ્રમાણે લાવેલ હોય તે બધાનું નૈવેદ્ય ભક્તિથી અર્પણ કરવું. ॥ ૨૩–૨૪ ॥

अन्ते नीराजनं कुर्या त्कथांश्रुत्वा जनैः सह ॥
द्द्यात्प्रसादं श्रोतृभ्यो गीतनृत्यादिकं चरेत् ॥ २५ ॥

પછી બધા મનુષ્યો સાથે કથા સાંભળીને પાછળથી આરતિ કરવી ને કથા સાંભળવા આવેલા હરિજનોને પ્રસાદ આપવો ને પછી ભગવાન આગળ ગાયન નાચ વિગેરે કરવું. ॥ ૨૫ ॥

विप्राय द्क्षिणां द्त्त्वा यथाशक्ति समापयेत् ॥
स्वामिनारायणकथाप्रभावं वेत्ति को भुवि ॥ २६ ॥

કથા કરનાર બ્રાહ્મણને પોતાની શક્તિ પ્રમાણે દક્ષિણા આપી પછી તેની સમાપ્તિ કરવી. સ્વામિનારાયણ દેવની કથાનો પ્રભાવ આ જગતમાં કોણ જાણે છે ॥ ૨૬ ॥

२ पृथिव्यां तद्व्रतं येन कृतं तस्य कथां शृणु ॥

હે મોહજીત રાજા આ પૃથ્વીમાં તે વ્રત જેણે કર્યું તેની કથા હવે તું સાંભળ.

ब्रह्मानन्दमुनिरुवाच ॥

१ दयालुवर्णिहृदयादाविर्भूताऽत्र वर्णिता ॥ २७ ॥

બ્રહ્માનન્દ મુનિ બોલતા હવા કે હે જ્યેષ્ઠજીત રાજન્ દયાલુ વાસુદેવાનન્દ બ્રહ્મચારીના હૃદયમાંથી જેવી પ્રકટ થઇ તેવી જ મેં તને કહી છે. ॥ ૨૭ ॥

इतिश्री पुराण संहितायां उत्तर खण्डे स्वामिनारायणकथायां गुर्जरभाषा विभूषितायां द्वितीयोऽध्यायः ।

॥ तृतीयोऽध्यायः. ॥

श्रीवासुदेवानन्दमुनिरुवाच

बुदेलखण्डे धर्मिष्ठे स्वर्णवत्यां पुरि स्थितः ॥
काशीदत्ताऽऽख्यविप्रोऽभूद्वेदवेदाङ्गपारगः ॥१॥

શ્રી વાસુદેવાનન્દ મુનિ કહેતા હુવા ધર્મિષ્ઠ એવા બુદેલખંડમાં સ્વર્ણવતી નામની એક નગરીછે. તેનગરીમાં ચારે વેદ તથા વ્યાકરણ વિગેરે છ શાસ્ત્ર ભણેલો કાશીદત્ત નામનો એક બ્રાહ્મણ રહેતો હતો.

सर्वसंपत्समायुक्तो धर्मवान्विजितेन्द्रियः ॥
यशस्वती तस्य भार्या पातिव्रत्यपरायणा ॥ २ ॥

તે ધર્મિષ્ઠ હતો અને જીતેન્દ્રિય હતો તે કારણથી તેને ઘેર સંપત્તિ નિવાસ કરતી હતી. પતિવ્રતા સ્ત્રીઓમાં વખાણવા લાયક યશસ્વતી નામની સુંદર એક પત્ની તેને હતી. ॥ ૨ ॥

एकदा स्वामिनं प्राह त्वत्प्रसादात्सुखं महत् ॥
तथाप्यधिकदुःखं मे वन्ध्यात्वं लोकगर्हितम् ॥ २ ॥

એક વખતે તે યશસ્વતી પોતાના સ્વામીને કહેવા લાગી કે હે સ્વામિનાથ ! આપની કૃપાથી મને અપાર સુખ છે. પણ વાંઝીયાપણું એ મોટામાં મોટું દુઃખ છે કારણકે વંધ્યા (વાંઝણી)નું મોઢું સવારમાં કોઈ જોતું નથી તેમ તેના શુકન પણ કોઇ લેતું નથી. ॥ ૩ ॥

वर्तते क्लेशजनकं सुखं दुःखायते मम ॥
तस्मादुपायः क्रियतां वन्ध्यात्वं नाशमाप्नुयात् ॥ ४ ॥

એટલા માટે બધાં સુખ છે તે પણ મને દુઃખરૂપ લાગે છે તે કારણથી વંધ્યાપણું નાશ પામે અર્થાત પુત્ર પ્રાપ્ત થાય તેવો કોઇ ઉપાય કરો. ॥૪॥

इति तद्वचनं साश्रु श्रुत्वा विप्रोऽतिदुःखितः ॥
समाधिमकरोतत्र स्ववाण्येदं निवेदितम् ॥ ५ ॥

આ પ્રકારનું પોતાની ધર્મપત્નીનું રડતાં રડતાં કહેલું વચન સાં-

ભળીને તે બ્રાહ્મણ અત્યન્ત ઉદાસ થયો. અને પોતે સમાધિ કરી, તે સમાધિમાં આકાશ વાણીએ નીચે પ્રમાણે કહ્યું કે ॥ ૫ ॥

'महात्मान्वेषणात्सद्यः पुत्रस्ते भविता ध्रुवम् ॥'
अन्वेषणाय नियातो ग्रामे ग्रामे वने वने ॥ ६ ॥

'મહાત્માને ખોળ, તે મહાત્માના સમાગમથી તને તરત પુત્ર પ્રાપ્ત જરૂરથી થશે.' તે બ્રાહ્મણ તે આકાશવાણી સાંભળીને મહાત્માને ખોળવા માટે ઘેરથી નીકળ્યો અને ગામોગામ તથા દરેક જંગલમાં મહાત્માને શોધવા લાગ્યો. ॥ ૬ ॥

पर्वते पर्वते गत्वा भयङ्करवने तथा ॥
अलब्ध्वा तं महात्मानं खिन्नचित्त उपाविशत् ॥ ७ ॥

તે દરેક પર્વતો ઉપર તથા વાઘ વરૂ જેવા ભયંકર પ્રાણિઓવાળા વનોમાં ભટકયો પણ મહાત્માનો સમાગમ ના થયો એટલે શોકાતુર થઈને છેવટે થાકીને એક ઠેકાણે બેઠો. ॥ ૭ ॥

आकाशवाण्या यत्प्रोक्तं तत्कथं निष्फलं भवेत् ॥
इतिचिन्तयति विप्रे तत्र प्रादुरभूद्धरि ॥ ८ ॥
वृद्धब्राह्मणरूपेण शान्ति कुर्वन्नुवाच तम् ॥

'આકાશવાણીએ કહેલું ખોટું કેમ થાય' આવી રીતે તે બ્રાહ્મણ પોતાના મનમાં વિચાર કરતો હતો તેજ વખતે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને ભગવાન્ પ્રકટ થયા, અને તે બ્રાહ્મણને શાંતિ આપી બોલવા લાગ્યા કે ॥૮॥

पश्चिमायां दिशि गच्छ त्वत्कार्यं सेत्स्यति ध्रुवम् ॥ ९ ॥

પશ્ચિમ દિશામાં જવાથી તારૂં કાર્ય જરૂર સિદ્ધ થશે. ॥ ૯ ॥

अन्तर्दधे तथेत्युक्त्वा विप्रश्चित्रममन्यत ।
हर्षितः स चचालासौ भुजङ्गनगरं ययौ ॥ १० ॥

આટલું બોલીને ભગવાન્ ત્યાંજ અન્તર્ધ્યાન થઈ ગયા આ બનાવ જોઈને બ્રાહ્મણને ઘણું આશ્ચર્ય લાગ્યું. અને મનમાં ઘણો હર્ષ થયો, ને ત્યાંથી ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં ભુજનગર આવ્યું. ॥ ૧૦ ॥

पुरे तत्र महात्मानं दृष्ट्वा विस्मयमाप सः ॥
प्रौढाकृतिं शान्तचित्त माकृत्याऽतिमनोहरम ॥ ११ ॥

તે નગરમાં મહાત્માને જોઈને તે બ્રાહ્મણ અત્યન્ત વિસ્મય પામ્યો કારણકે તે મહાત્માના શરીરનો દેખાવ અદ્ભુત=સર્વ કરતાં વિલક્ષણ હતો અને શાન્ત ચિત્તવાળા હતા તથા પોતાની આકૃતિ સૌમ્ય હોવાથી સર્વના મનને પોતાને વિષે ખીંચનારા હતા. ॥ ૧૧ ॥

आजानुबाहुयुगलं दीर्घनेत्रं शुचिव्रतम् ॥
दृष्टिमात्रेण लोकानां सर्वदुःखविनाशिनम् ॥ १२ ॥

વળી જેમના બન્ને હાથ ઢીંચણ સુધી પહોંચે તેટલા લાંબા હતા. અને વિશાલ (મોટી) આંખો હતી. ને જેમનાં દરેક વ્રત=નિયમો પવિત્ર હતા. વળી જેમના દર્શન માત્રથીજ સર્વ લોકનાં દુઃખ નાશ પામતાં હતા. ॥ ૧૨ ॥

स्वसमीपस्थितैर्भव्यै र्भगवद्भक्तितत्परैः ॥

उपदेशसुधापाने सादरैर्मुनिभिर्वृतम् ॥ १३ ॥

ભગવાનની ભક્તિ કરવામાં તથા ઉપદેશરૂપી અમૃતનું પાન કરવામાં તત્પર એવા, ભવ્ય પોતાની પાસે બેઠેલા અનેક મુનિઓથી વીટાયેલા હતા. ॥ ૧૩ ॥

तं मुनिं दूरतो दृष्ट्वा साष्टाङ्गं प्रणनाम सः ॥
दर्शनादेव तच्चित्ते शान्तिर्जाता ह्यलौकिकी ॥ १४ ॥

આવા મુનિમહારાજને દૂરથીજ જોઇને તે બ્રાહ્મણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તે મુનિના દર્શનથીજ તે બ્રાહ્મણના મનમાં અલૌકિક શાન્તિ ઉત્પન્ન થઈ. ॥ ૧૪ ॥

आकाशवाण्या यत्प्रोक्तं वृद्धविप्रेण यन्मम ॥
तत्सर्वं सफलं जातमिति मत्वापुरः स्थितः ॥ १५ ॥

આકાશવાણીએ જે કહ્યું હતું તેજ આ વળી વૃદ્ધ બ્રાહ્મણે પણ જે કહ્યું હતું તે પણ આજ, આવી રીતે તે બ્રાહ્મણે મનમાં નિશ્ચય કરીને

હાથ જોડીને તે મુનિ આગળ ઉભો રહ્યો. (બેઠો) ॥ ૧૫ ॥

त्रिकालज्ञेन मुनिना ज्ञातं तस्य मनोगतम् ॥
पुत्रप्राप्तिकरं किन्नु सर्वप्राप्तिकरं ब्रुवे ॥ १६ ॥

મુનિમહારાજ પણ ભૂત વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાલના જાણનારા હતા એટલે તે બ્રાહ્મણને પૂછયા વગરજ તેના મનની વાત જાણી ગયાઅને કહેવા લાગ્યા કે હે બ્રાહ્મણ ! પુત્ર પ્રાપ્તિ કરે એમાં તો શું ? પણ સર્વ ઇચ્છાઓ પુરી કરે એવું વ્રત તને કહું છું. ॥ ૧૬ ॥

कोमलहृदयोऽसि त्वं हरेर्भक्तश्च योगवित् ॥
व्रतस्य वक्ष्यमाणस्या चरणात्किन्न सिद्ध्यति ॥ १७ ॥

કારણકે તારૂં હૃદય કોમલ છે વળી તું ભગવાનનો પરમ ભક્ત છે અને યોગશાસ્ત્રનો જાણનારો છે (તેથી હું કહું છું.) જે વ્રત હું કહીશ તે વ્રત કરવાથી આ જગતમાં કંઇ વસ્તુ નથી મળતી ? અર્થાત્ બધી મળે છે. ॥ ૧૭ ॥

यावन्ति दुःखजातानि सद्यो नश्यन्ति तत्क्षणात् ॥
स्वामिनारायणकथा व्रतमस्ति सुदुर्लभम् ॥ १८ ॥

વળી આ જગતમાં જેટલાં દુઃખો છે તે બધાં દુઃખોનો તરત નાશ કરનાર સ્વામિનારાયણ શ્રીહરિનું વ્રત છે કે જે વ્રત અત્યન્ત દુર્લભ છે. ॥ ૧૮ ॥

श्रद्धालुर्विष्णुभक्तोऽसि तुभ्यं तत्सांप्रतं ब्रुवे ॥
तच्छ्रुत्वा तद्विधिं पृष्ट्वा विप्रः स्वगृहमागतः ॥ १९ ॥

હે કાશીદત્ત વિપ્ર ! તું શ્રદ્ધાળુ તેમજ વિષ્ણુનો પરમ ભક્ત છે તે કારણથી તે વ્રત તને કહું છું. તે બ્રાહ્મણ તે બધું સાંભળી તે વ્રત કેવી રીતે કરવું તે બધો વિધિ પુછીને પછી પોતાને ઘેર આવ્યો. ॥ ૧૯ ॥

महात्मना यथाप्रोक्तं श्रद्धया व्रतमाचरत् ॥
प्रतिमासं कृतं ह्येतत्पुत्रो जातः सुरोपमः ॥ २० ॥

મહાત્માએ બતાવ્યા પ્રમાણે શ્રદ્ધાથી વિધિ પ્રમાણે તે વ્રત મહિને મહિને કરવાથી તેને દેવ સરખો એક પુત્ર થયો ॥ ૨૦ ॥

लालितः पाठितः पुत्रः सभाजिल्लोकविश्रुतः ॥
पितरौ तस्य मुदितावंते ब्रह्मपुरं गतौ ॥ २१ ॥

નાની વયમાં તે પુત્રને ખુબ લાડ લડાવ્યાં, પછી ભણાવ્યો ભણ્યાથી તે ઘણા પંડિતોની સભાઓ જીતનારો થવાથી લોકમાં પ્રતિષ્ઠિત થયો. આ બધું જોઇ તેનાં માતાપિતા ઘણાં રાજી ખુશી થયાં આવી રીતે આ લોકમાં સુખ ભોગવીને અવસાન કાલ વખતે તે કાશીદત્ત અને યશસ્વતી બન્ને અક્ષરધામમાં ગયાં ॥ ૨૧ ॥

इति पुराणसंहितायां उत्तर खण्डे श्रीस्वामिनारायणकथायां
तृतीयोऽध्यायः ।

॥ अथ चतुर्थोऽध्यायः ॥

॥ श्रीमोहजिदुवाच ॥

શ્રી મોહજીત પુછતા હવા ।

भगवन्काशिदत्तस्य पुत्रः किदृक् चकारकिम् ॥
तदाख्यानं समग्रं मां कृपया वक्तुमर्हसि ॥ १ ॥

હે મુનિમહારાજ ? કાશીદત્તનો પુત્ર તે કેવો થયો. અને તેણે શું શું કર્યું તે બધું આખ્યાન કૃપા કરીને મને કહેવા યોગ્ય છો. ॥ ૧ ॥

श्री वासुदेवानन्दमुनिरुवाच ॥

શ્રી વાસુદેવાનન્દ મુનિ કહેતા હવા.

काशिदत्तस्य विप्रोऽसौ मुनिदत्तेति विश्रुतः ॥
पित्राज्ञया व्रतं तच्च प्रतिमासं चकार सः ॥ २ ॥

આ કાશીદત્તના પુત્રનું નામ મુનિના આપવાથી કાશીદત્તે તેનું નામ

મુનિદત્ત રાખ્યું હતુ. તે મુનિદત્ત પોતાના પિતાની આજ્ઞાથી દરેક મહિને સ્વામિનારાયણનું વ્રત કરતો હતો. ॥ ૨ ॥

तद्व्रतस्य प्रभावेण समृद्धिः सुरदुर्लभा ॥
गजाश्वरथरत्नादिस्तद्गृहे सकलाऽभवत् ॥ ३ ॥

તે વ્રતના પ્રભાવથી તેને ઘેર દેવતાઓને પણ દુર્લભ એવી સંપત્તિઓ હાથી ઘોડા રથ જવાહીર વિગેરે તેને ઘેર થઈ ॥ ૩ ॥

स्वर्णवत्यां जना दृष्ट्वा प्रभावं तद्व्रतस्य हि ॥
विप्रक्षत्रियवैश्याश्च चक्रुः सर्वेऽपि तद्व्रतम् ॥ ४ ॥

સ્વર્ણવતી નામની રાજધાનીમાં રહેનારા દરેક લોકો આ વ્રતનો પ્રભાવ જોઈ (તેમાં) બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય એ બધા આ સ્વામિનારાયણનું વ્રત કરવા લાગ્યા. ॥ ૪ ॥

तद्व्रतस्य प्रभावेण जाता विभवशालिनः ॥
पुत्रपौत्रान्विताः स्वामि नारायणपरायणाः ॥ ५ ॥

અને તે વ્રતના પ્રભાવથી તે બધા લોક સંપત્તિવાળા અને પુત્ર પૌત્રવાળા થયા. ને તે બધા ભગવાન શ્રીસ્વામિનારાયણની ભક્તિવાળા થયા. ॥૫॥

आश्चर्यकारकं ह्येतद् दृष्ट्वाऽभूदतिविस्मितः ॥
तत्रपुर्यां वसन्राजा सूर्यकान्तो हि दुर्मतिः ॥ ६ ॥
तेजोद्वेषी परोत्कर्षा सहिष्णुर्नास्तिकः खलः ॥
हृत्वा च संपदस्तेषां कारागेहे न्यपातयत् ॥७ ॥

તે નગરીમાં સૂર્યકાન્ત નામનો જે રાજા રહેતો હતો કે જે રાજા અત્યન્ત ખરાબ બુદ્ધિવાલો, બીજાના ઉત્કર્ષને નહિ સહન કરનારો તેજો દ્વેષી ખલ અને નાસ્તિક હતો. તે રાજા આ બનાવ (વ્રતના પ્રભાવથી થયેલી સંપત્તિ પુત્ર પૌત્ર વિગેરે) જોઈને અત્યન્ત આશ્ચર્ય પામ્યો પણ તે દુષ્ટ હોવાથી બધાંની સંપત્તિઓ છીનવી લઈને કારાગૃહ=કેદખાનામાં તે બધાંને નાંખી દીધા. ॥ ૬–૭ ॥

इत आरभ्य मद्राज्ये धार्मैः कार्यं व्रतं नहि ॥
एतद्व्रततिरस्कारा द्राज्ञो नष्टं कुलं महत् ॥ ८ ॥

અને ઢંઢેરો પીટાવ્યો કે આજથી મારા રાજ્યમાં પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણનું વ્રત કોઈએ કરવું નહિ. આવી રીતે વ્રતનો તિરસ્કાર કરવાથી રાજાનું મોટું કુટુંબ હતું તે નાશ પામ્યું. ॥ ૮ ॥

गृहीतं सकलं राज्यं चक्रवर्तिनृपेण तत् ॥
राज्यभ्रष्टः शून्यचित्तो बभ्राम धरणीतले ॥ ९ ॥

ચક્રવર્તિ રાજાએ તે સૂર્યકાન્તનું રાજ્ય લઈ લીધું. અને રાજપાટ નષ્ટ થવાથી મૂર્ખની માફક આ જગતમાં તે સૂર્યકાન્ત ભટકવા લાગ્યો. ॥ ૯ ॥

भ्रमतस्तस्य दुर्बुद्धेर्बहुकालो गतस्तदा ॥
एतस्मिन्नन्तरे तस्य भाग्येन मुनिसङ्गमः ॥ १० ॥

स्वरूपानन्दमुनिना जागृर्तिं बोधितोऽगमत् ॥

આ પ્રકારે ભમતાં ભમતાં બહુજ કાલ ચાલ્યો ગયો પછી (તેટલામાં) તેના મહા સદ્‌ભાગ્યથી સ્વરૂપાનન્દ મુનિનો સમાગમ થયો ॥ ૧૦ ॥ અને તે મુનિજીએ તે સૂર્યકાન્તને સ્વસ્થચિત્તવાલો અને=જાગૃત કર્યો કે—

धार्मिव्रततिरस्कारात्सर्वं नष्टं तवाऽधुना ॥ ११ ॥
व्रतं तच्छ्रद्धया कुर्याः याचस्व तत्क्षमां मुहुः ।
स्वामिनारायणः साक्षात्फलदोऽत्र कलौ युगे ॥ १२ ॥

હે રાજા ભગવાન સ્વામિનારાયણનું જે વ્રત છે તેનો તિરસ્કાર કરવાથી તારૂં બધું રાજ્ય પુત્ર પૌત્ર વિગેરે આખું કુલ નાશ પામ્યું છે. (અને તેથી તને આ બધું દુઃખ ભોગવવું પડયું છે) ॥૧૧॥ તે માટે તું શ્રદ્ધા રાખીને આ વ્રત કર. અને સ્વામિનારાયણ ભગવાન પાસે વારંવાર ક્ષમા માગ તેથી તું સુખી થઇશ કારણ કે આ કલિયુગમાં સ્વામિનારાયણ પ્રભુ પ્રત્યક્ષ ફલ આપનારા છે. ॥ ૧૨ ॥

उपदेशस्तस्यमुनेर्भाग्येन हृदयङ्गमः ॥
आसीदुवाच राजाऽसौ द्रव्यं नास्ति ममान्तिके ॥ १३ ॥

સારા ભાગ્યે મુનિમહારાજના ઉપદેશની તે સૂર્યકાન્ત રાજાને સારી અસર થઈ. તેથી રાજા નમ્ર થઇ કહેવા લાગ્યો કે હે મુનિમહારાજ, મારી પાસે થોડો પણ પૈસો નથી. ॥ ૧૩ ॥

व्रतं कथमहं कुर्यां भिक्षया जीवितं मम ॥
इति श्रुत्वा दयालुः स व्रतं कर्तुं धनं तदा ॥ १४ ॥
अन्येन दापयामास भक्तेनाकंथयत्पुनः ॥
पूर्वजन्मकृतात्पापाज्जाता पापमतिस्तव ॥ १५ ॥

(તો હે મુનિમહારાજ) હું વ્રત કેવી રીતે કરૂં ? કારણ કે હું ભીખ માગીને મારૂં પેટ ભરૂં છું. આવું વચન સાંભળીને મુનિને દયા આવી. અને તે વખતે વ્રત કરવા માટે ધન=પૈસો ॥ ૧૪ ॥

બીજા ભક્ત પાસેથી અપાવ્યું અને ફરીથી કહેવા લાગ્યા કે હે રાજન્ તેં પૂર્વ જન્મમાં પાપ કર્યું હતું માટે આવી દુષ્ટ બુધ્ધિ તને થઇ હતી. (અને તે કારણથી જ તું દુઃખી પણ થયો છે.) ॥ ૧૫ ॥

एतद्व्रतप्रभावेण तत्पापं न ङ्क्ष्यति ध्रुवम्
इति तद्धनमादाय व्रतं कर्तुं समुद्यतः ॥ १६ ॥

પણ આ સ્વામિનારાયણ પ્રભુના વ્રતના પ્રભાવથી તારાં તે સઘળાં પાપ નાશ થશે. અને તારી સમૃધ્ધિ તને પાછી જરૂર મળશે. આ સાંભળી મુનિ મહારાજે અપાવેલું ધન લઈને સ્વામિનારાયણનું વ્રત કરવા તૈયાર થયો. અને વ્રતની બધી સામગ્રી લાવ્યો. ॥ ૧૬ ॥

विप्रं विद्वांसमाहूय कदली स्तंभमण्डपे ॥
प्रपूर्य मण्डलं सम्यग्मध्ये प्रभु निधाय सः ॥ १७ ॥

અને વિદ્વાન બ્રાહ્મણને બોલાવીને કેળના થાંભલાના મંડપમાં સારી રીતે (શાસ્ત્ર પ્રમાણે) મંડલ પૂરીને તેના મધ્ય ભાગમાં શ્રી સ્વામીનારાયણ પ્રભુની સ્થાપના (પ્રાણપ્રતિષ્ઠા સાથે) કરી. ॥ ૧૭ ॥

श्रद्धया परया युक्तश्चकार विधिना व्रतम् ॥
क्षमस्व ह्यपराधान्मे बालबुद्धेर्दुरात्मनः ॥ १८ ॥

અને પૂર્ણ શ્રદ્ધાથી વિધિ પ્રમાણે વ્રત કર્યું અને પ્રાર્થના કરવા લાગ્યો કે હે મહારાજ મેં દુરાત્માએ બાલ બુદ્ધિથી આપના ઘણાજ અપરાધ કર્યા છે તે બધા આપ પરમ દયાલુ ક્ષમા=માફ કરવાને યોગ્ય છો. ॥ ૧૮ ॥

अज्ञानाद्यत्कृतं नाथ तत्सर्वं क्षन्तुमर्हसि ॥
शोकेन महता ततः प्रणनाम रुदन्मुहुः ॥ १९ ॥

વળી હે પ્રભુ અજ્ઞાનપણે મેં જે જેકંઇ કર્યું હોય તે સર્વ ક્ષમા કરવાને યોગ્ય છો, એ પ્રકારે ઘણાજ શોકથી દુઃખી થયેલો અને રડતો રડતો તે સૂર્યકાન્ત રાજા (શ્રીમત્ સહજાનન્દ સ્વામીને) વારંવાર દંડવત્પ્રણામ કરવા લાગ્યો. ॥ ૧૯ ॥

स्वामिनारायणस्तेन भक्तिवश्योऽभवत्प्रभुः ॥

सूर्यकान्तस्य यद्राज्यं गृहीतं चक्रवर्तिना ॥ २० ॥
तस्य राज्ञः स्वप्नमध्ये पुंरूपेण भयं महत् ॥
दर्शयित्वाऽवदत्तस्मै दीयतां यद्‌हृतं त्वया ॥ २१ ॥

તેથી ભકિતને વશ થઈ શ્રીસ્વામિનારાયણ પ્રભુ પ્રસન્ન થયા, અને જે ચક્રવર્તી રાજાએ સૂર્યકાન્ત રાજાનું રાજ્ય છીનવી=હરી લીધું હતું ॥૨૦॥ તે ચક્રવર્તી રાજાને સ્વપ્નમાં શ્રી સ્વામિનારાયણ પ્રભુ ભય બતાવીને કહેવા લાગ્યા કે હે રાજા, તેં સૂર્યકાન્ત રાજાનું જે રાજ્ય લઈ લીધું છે. તે સંપૂણ રાજ્ય તેને તું પાછું આપી દે. ॥ ૨૧ ॥

अन्यथा त्वां नाशयिष्ये राज्यपुत्रादिभिः सह ॥
स समृद्धं यथापूर्वं तद्राज्यं सकलं ददौ ॥ २२ ॥

જો તું તેનું રાજ્ય પાછું નહિ આપીશ તો તારા રાજ્ય પુત્રપત્ની વિગેરેની સાથે તારો નાશ કરીશ. ત્યારપછી તે ચક્રવર્તી રાજાએ પૂર્વે જેવું સમૃદ્ધિવાળું રાજ્ય લીધું હતું તેવું તે સુર્યકાન્તને પાછું આપી દીધું ॥૨૨॥

लब्धराज्यो यदा ह्यासीच्चकार विधिना व्रतम् ॥
स्वामिनारायणव्रतं कर्तव्यमित्यघोषयत् ॥ २३ ॥

રાજ્ય મલ્યા પછી સૂર્યકાન્ત રાજાએ વિધિ પૂર્વક વ્રત કર્યું અને મારા રાજ્યમાં બધાએ શ્રી સ્વામિનારાયણ પ્રભુનું વ્રત કરવું આવી રીતે હંડેરો પીટાવી દીધો. ॥ ૨૩ ॥

प्रतिमासं प्रकर्तव्यं श्रद्धया विधिपूर्वकम् ॥
तद्व्रताचरणाज्जाताः सुखिन्यः सकलाः प्रजाः ॥ २४ ॥

શ્રદ્ધાથી દરેક મહિને વિધિપૂર્વક વ્રત કરવું આવો હંડેરો પીટાવ્યો ને તે વ્રત કરવાથી તેની બધી પ્રજા સુખી થઇ. ॥ ૨૪ ॥

पुत्रपौत्रगणै राजा सुखी जातो व्रतात्किल ॥
इह भुक्त्वा सुखं चान्ते राजा ब्रह्मपुरं ययौ ॥ २५ ॥

તે સુર્યકાન્ત રાજા આ પ્રકારે. વ્રત કરવાથી પુત્ર પૌત્રવાળો થઇ

આ લોકમાં સુખ ભોગવીને અન્તે=અવસાન કાલ વખતે બ્રહ્મપુર=અક્ષર ધામમાં ગયો ॥ ૨૫ ॥

मुनिदत्तोऽपि विप्रोऽसौ व्रतस्यास्य प्रभावतः ॥
नारायण प्रसादेन मोक्षमाप सुदुर्लभम् ॥ २६ ॥

આ મુનિદત્ત બ્રાહ્મણ પણ આ વ્રતના પ્રભાવવડે શ્રીનારાયણને પ્રસન્ન કરીને અત્યન્ત દુર્લભ એવા મોક્ષને પામ્યો. અક્ષરધામને પામ્યો. ॥૨૬॥

इतिश्री पुराणसंहितायां उत्तरखण्डेस्वामिनारायणकथायां
चतुर्थोऽध्यायः ॥ ४ ॥

अथ पञ्चमोऽध्यायः ।

श्री वासुदेवानन्दमुनिरुवाच ।

अथाऽन्यदपि वक्ष्यामि शृणु त्वं विस्मयावहम् ॥

यच्छ्रुत्वा हृदयस्था ये नश्यन्ति सर्वसंशयाः ॥ १ ॥

શ્રી વાસુદેવાનન્દ મુનિ કહેતા હવા હે મોહજીતૂ ! રાજન્ બીજું એક વિસ્મયકારક આખ્યાન હું તને કહું છું તે તું સાંભળ કે જેના સાંભળવાથી હૃદયમાં રહેલા દરેક સંશયો નાશ પામે છે. ॥ ૧ ॥

मरुदेशो विशालोऽस्ति तत्र पद्मावती पुरी ॥
द्युमणिर्नाम राजाऽऽसीद्धर्मपालनतत्परः ॥ २ ॥

વિશાલ એવા મરૂદેશ (મારવાડ) ને વિષે પદ્મમાવતી નામની એક નગરી છે. તેમાં ધર્મ પાલન કરનારો દ્યુમણિ નામનો રાજા રાજ્ય કરતો હતો.

धर्मेण पालयन्सर्वाः प्रजाः स्वाः पुत्रवत्सदा ॥
चातुर्वर्ण्यजनाः सर्वे निवसन्ति यथासुखम् ॥ ३ ॥

અને તે રાજા પોતાની પ્રજાનું પુત્રની માફક હંમેશાં ધર્મથી પાલન

=રક્ષણ કરતો હતો. અને તેના રાજ્યમાં ચારે વર્ણો (બ્રાહ્મણ. ક્ષત્રિય. વૈશ્ય. અને શુદ્ર) સુખ શાંતિથી રહેતા હતા. ॥ ૩ ॥

धर्मिष्ठराज्ये धर्मिष्ठाः प्रजाः सर्वा भवन्ति हि ॥
ततः प्रजाः सर्वसंपद्युक्ताः सन्ति सहस्रशः ॥ ४ ॥

કારણ કે જ્યાં રાજ્ય ધર્મિષ્ઠ હોય છે ત્યાં સર્વ પ્રજા પણ ધાર્મિક જ થાય છે. અને ધર્મ પાલન કરવાથી હજારો પ્રકારની સંપત્તિઓ પણ પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

तस्यां पुर्यां कश्चिदेकः क्षयरोगेणपीडितः ॥
धनपालेति नाम्नाऽऽसीद्वैश्यजातौ प्रतिष्ठितः ॥ ५ ॥

તે નગરી વિષે ક્ષયરોગ વાળો ધનપાલ નામનો એક વાણીઓ રહેતો હતો તે વૈશ્યજાતિમાં પ્રતિષ્ઠિત હતો. ॥ ૫ ॥

सर्वसम्पत्समायुक्तो बहुसम्बन्धिभिर्जनैः ॥
युक्तोऽपि क्षयरोगस्तं न तत्याज यदा तदा ॥ ६ ॥

અને તે વાણીઓ બહોળા કુટુંબવાળો હતો વળી તેને ઘેર બધી સંપત્તિઓ હતી અને તે બધી વાતે સુખી હતો, ઘણા ઉપાયો કરવા છતાં પણ ક્ષયરોગ જ્યારે તેને ન મટયો અને ખુબ વધી ગયો ત્યારે ॥ ૬ ॥

स्वदेशस्था राजवैद्या स्तआहूताः प्रतिक्षणम् ॥
द्रव्यव्ययं चानपेक्ष्य ह्युपायाः शतशः कृताः ॥ ७ ॥

તેણે પોતાના દેશના રાજ્ય વૈદ્યો તેડાવ્યા, અને પૈસાનો સંકોચ કર્યા વગર સેંકડો ઉપાયો કર્યા. ॥ ૭ ॥

तथापि तस्य देहस्तु ह्यस्थिमात्रावशेषितः ॥
ग्रामान्तरादप्याहुता वैद्या धन्वन्तरिसमाः ॥ ८ ॥

તો પણ કાંઈ ફાયદો ન થયો. શરીર હાડપિંજર જેવું થઈ ગયું છે અર્થાત્ તેના દેહમાં એકલાં હાડકાંજ બાકી રહ્યાં. તેથી પરદેશથી પણ મોટા ધન્વન્તરિ જેવા વૈદ્યોને બોલાવ્યા ॥ ૮ ॥

उपायाः शतशश्चक्रुः क्षयस्तु न क्षयंगतः ॥
देहावसानसंप्राप्तौ रुरुदुः स्वजना बहु ॥ ९ ॥

સેંકડો ઉપાયો કરવા છતાં પણ ક્ષયરોગ વધતોજ ગયો ને મૃત્યુ નજીક આવી પહોંચ્યું તે સમયે સગાં સંબન્ધી બહુજ રડવા લાગ્યાં ॥ ૯ ॥

अत्रान्तरे महात्मा तु सर्वलोकहिते रतः ॥
व्यापकेशो मुनिश्रेष्ठ आजगाम हरीच्छया ॥ १० ॥

હે મોહજીત્ તેજ વખતે સર્વ લોકનું કલ્યાણ ઇચ્છનારા મુનિઓમાં શ્રેષ્ઠ વ્યાપકેશ નામના મુનિ ભગવાનની ઇચ્છાથીજ ત્યાં આવ્યા. ॥ ૧૦ ॥

कस्मादिमे रुदन्तीति पप्रच्छ दयया भृशम् ॥
ते सर्वे कथयामासुर्धनपालोऽस्त्ययं मुने ॥ ११ ॥

તે મુનિ સર્વ લોકોને રડતા જોઈ અત્યન્ત દયા લાવી (તે બધાંને) રડવાનું કારણ પુછયું. તે બધા કહેવા લાગ્યા કે હે મુનિ મહારાજ, આ ધનપાલ નામનો વાણીઓ છે. ॥ ૧૧ ॥

आसन्नमरणोह्येष क्षयरोगेण पीडितः ॥
भवादृशाः कृपां कुर्युस्तर्हि जीठ्यान्न संशयः ॥ १२ ॥

તે ક્ષય રોગથી પીડા પામે છે. ને મરવાની તૈયારીમાં .છે. હે મુનિ મહારાજ. આપ જેવા જો દયા કરે તો જરૂર આ ધન પાલ મૃત્યુમાંથી ઉગરે ॥ ૧૨ ॥

तदोवाच महात्मा तु शृणुध्वं लोकवल्लभाः ॥
स्वामिनारायणः प्रभुः कलौ साक्षात्फलप्रदः ॥ १३ ॥

તે વખતે મુનિ મહારાજ કહેવા લાગ્યા કે હે શ્રેષ્ઠ મનુષ્યો તમે સાંભળો. આ કલિયુગને વિષે તરત ફલ આપનારા સ્વામિનારાયણ પ્રભુ છે ॥૧૩॥

कुरुध्वं तद्व्रतं सद्यः क्षयरोगो विनङ्क्ष्यति ॥
इत्युक्त्वा तद्विधिं चोक्त्वा गतः स योगिराड्महान् ॥१४॥

તે ભગવાનનું વ્રત કરો જેથી ક્ષયરોગ જલદીથી નાશ પામશે ત્યાર પછી યોગિરાજ વ્રતનું વિધાન કહીને ત્યાંથી ચાલી નિકળ્યા. ॥ ૧૪ ॥

ते सर्वे श्रद्दधुर्वाक्यं तदुक्तविधिना व्रतम् ॥
चक्रुस्ते श्रद्धया युक्ताः क्षयरोगः क्षयङ्गतः ॥ १५ ॥

તે મનુષ્યો મુનિના વાક્ય ઉપર શ્રદ્ધા રાખીને તેમણે કહેલા વિધાન પ્રમાણે શ્રદ્ધા પૂર્વક વ્રત કરવાથી તે ધનપાલનો ક્ષયરોગ નાશ પામ્યો મટી ગયો. ॥ ૧૫ ॥

व्रतस्यास्य फलं श्रुत्वा तदन्यो विधुरः पुमान् ॥
चकारैतद्व्रतं तेन पत्नी प्राप्ता मनोरमा ॥ १६ ॥

હે મોહજીત્ આ વ્રત કરવાથી મનની ઇચ્છિઓ પૂરી થાયછે તે વાત સાંભળીને એક કુંવારા મનુષ્યે વ્રત કર્યુંને વ્રત કરવાથી તેને સુંદર પત્ની મળી.

श्रद्धया चेज्जनः कुर्यात्किं किं भुवि न सिद्ध्यति ॥
श्रद्धा नास्ति यस्य चित्ते जीवितं तस्य निष्फलम् ॥१७॥

માટે શ્રદ્ધા રાખીને મનુષ્ય જો આ વ્રત કરે છે તો તેને કઈ વસ્તુ આ જગતમાં સિદ્ધ થતી નથી. ? (અર્થાત્ તેના હરેક મનોરથો ફલી ભૂત થાય છે) ને જેને શ્રદ્ધા નથી તેનું જીવવું નકામું છે. ॥ ૧૭ ॥

व्रतस्यास्य प्रभावेण (भुक्त्वेह परमं सुखम्) ॥
व्रतकर्ताक्षरं धाम चान्ते याति न संशयः ॥ १८ ॥

આ વ્રતના પ્રભાવથી (આ લોકને વિષે સુખી થઇને) વ્રત કરનાર અન્તે અવસાન વખતે શ્રી સ્વામીનારાયણ દેવના ધામમાં જાયછે એટલે મોક્ષ મળેછે.

ब्रह्मानन्दमुनिरुवाच ॥

यद्रहस्यं त्वयापृष्ठं कथितं पुरतस्तव ॥
श्रद्धालवेथ तद्वाच्यं नान्यस्मै दीयतामिदम् ॥ १९ ॥

બ્રહ્માનન્દ મુનિ કહેતા હવા કે હે જ્યેષ્ઠજીત રાજન્ જે રહસ્ય તેં મને પુછ્યું તે મેં તને કહી સંભળાવ્યું, શ્રદ્ધાળુ પુરૂષોને આ રહસ્ય કહેવું, બીજાઓને (નાસ્તિકોને) કોઈ પણ દિવસે કહેવું નહિ. ॥ ૧૯ ॥

इतिश्री पुराण संहितायाम् उत्तर खंडे श्रीस्वामिनारायणकथायां
गुर्जरभाषाविभूषितायां
॥ पञ्चमोऽध्यायः ॥
समाप्तश्चायंग्रन्थः श्रीरस्तु । ॐ शान्तिः ३

श्री अवतारिणे श्री सहजानन्दहरये नमोनमः



श्री स्वामिनारायणो विजयते

श्री सहजानंदस्वामिनी आरतीयो तथा अष्टक

छपावी प्रसिद्ध करनार

वे. शा. सं. शास्त्री गिरिजाशङ्कर लक्ष्मीशङ्कर विद्यावाचस्पति

सर्व हरिजनोना मनोरथ पूर्ण करनारि स्वामिनारायणनी कथा छे.

श्री सूर्यप्रकाश प्रिन्टिंग प्रेसमां पटेल मूळचंदभाइ त्रीकमलाले छापी.
ठे. पानकोरनाका—अमदावाद.

આરતિ ઉતારો ધર્મ કુવર ઘેરે આવ્યા, ૨ ધ્રુવપદ
અક્ષરના વાસિ પોતે પ્રેમથી પધાર્યા ૨ આર૦ ધ૦
દૈવીજીવોને ઉર આનંદ ઉભરાયા ૨ આર૦ ધ૦
શિવ ઇંદ્રા દિયે ચંદન પુષ્પથી વધાવ્યા ૨ આર૦ ધ૦
બ્રહ્માદિ દેવોને ઉર અતિ ભાવ્યા ૨ આર૦ ધ૦
ઉરમાં આનંદ આણિ નયને નિહાળ્યા ૨ આર૦ ધ૦
ભક્તિ માતાએ ખોલે પ્રેમથી બેસાર્યા ૨ આર૦ ધ૦
પ્રભુ અંકે ધારિ સ્તનપાન કરાવ્યા ૨ આર૦ ધ૦
પ્રેમથી ચુંબન લઇ હર્ષથી હુલાવ્યા ૨ આર૦ ધ૦
પ્રેમ વતીયે પ્રેમથી પારણે ઝુલાવ્યા ૨ આર૦ ધ૦
છપૈયાની માનુનીયે મંગલ ગવરાવ્યા ૨ આર૦ ધ૦
હરિકૃષ્ણ કૃષ્ણહરિ હરિને બોલાવ્યા ૨ આર૦ ધ૦
ઘન શ્યામે સ્મિત હશિ આનંદ વધાર્યા ૨ આર૦ ધ૦
ગિરિજા શિવે હર્ષ ભર્યા અંતરમાં ધાર્યા ૨ આર૦ ધ૦

સમય હોય તો નીચેની આરતી કરવી

અવની ઉપર અધર્મ વિચારી અસુર વંશની વૃદ્ધિ જાણી.
સંતોને દુખ દિધાં ભારી તો સર્વ ઉર અન્તર આણી,
અવની ઉપર આવ્યા. આરતી ઉતારો ધર્મ૦

ધરણી ઉપર ધર્મ ચલાવા યજ્ઞાદિ બહુ પોતે કરવા,
સાધુ જનની રક્ષા કરવા દુષ્ટજનોની શિક્ષા કરવા. અવ૦ આર૦
મુક્ત જનોને લાડ લડાવા ભાગવત ધર્મની સ્થાપના કરવા.
ભક્ત જનોને સુખ ઉપજાવા ભક્તિ માર્ગ બહુસેલો કરવા. અવ૦ આર૦
માતપિતાને મોક્ષ આપવા ગુપ્તપણે ઘેરથી નિસર્યા,
નાની વયમાં તપ આદરવા ઘોરવનમાં ચાલી નિસર્યા. અવ૦ આર૦
યોગિજનને યોગ શિખવવા યોગ વિના સમાધિ કરાવા,
શાલગ્રામને સાથે લાવ્યા પૂજા કરીને પાવન કરીયા, અવ૦ આર૦
તરશા જાણી પાણી પાયા ભુખ્યા જાણી ચિંતવન કરીયા,
કાપડિના વેશે આવ્યા ગિરિજાશિવજી સથ્થુ લાવ્યા, અવ૦ આર૦

जयदेव जयदेव जयसहजानन्द जयसहजानन्द,
अक्षर धामाधिपते अक्षर धामाधिपते साधुजनाल्हाद जयदेव जयदेव ध्रुवपदम्
रम्ये कोसल देशे छुप्पय पुर शर्म्मा छुप्पयपुर शर्म्मा,
वृष सद्मनिधृत जन्मा वृष सद्मनिधृत जन्मा निजजन भय हर्ता. जयदेव जय० जय०
बाल्ये वयसि पवित्र सुचित्र चरित कर्त्ता, सुचित्र चरित कर्त्ता,
सकलासुर सुख हर्त्ता सकलासुर सुख हर्त्ता हरिजन हित कर्त्ता. जयदेव जय०जय०
सौराष्ट्र स्थित यतिवर रामानन्देन रामानन्देन
दत्तां दीक्षां प्राप्तो दत्तां दीक्षां प्राप्तो मुनिवर देवेन, जयदेव जय० जय०
योगाभ्यास विहीना न पितान्सु समाधौ न पितान्सु समाधौ
दर्शित निज स्वरूपो दर्शित निज स्वरूपो भुविनिज योगाविधौ, जयदेव जय० जय०
सुमन्दिराणि विधाय स्वकीय आम्नाये स्वकीय आम्नाये
शिक्षा पत्र्यां धर्म्मान् शिक्षा पत्र्यां धर्म्मान् व्यदधा हित विधये, जयदेव जय०जय०

मोक्षप्रद चरित निचय मिह लोके कृत्वा मिह लोके कृत्वा
अगमद् ब्रह्मपुरंयो अगमद् ब्रह्मपुरंयो धर्म्म धुरंदत्वा जयदेव जय० जय०
गिरिजा शङ्कर विधि मुख पूजित पदकमलम् पूजित पदकमलम्
वन्दे सहजानन्दं वन्दे सहजानन्दं हर्षित धर्म्म कुलम् जयदेव जय० जय०

आ बे श्लोक शतानन्दमुनिना करेला छे पण पूजामां उपयोगि छे तेथी लख्या छे.

श्री मच्छारद पूर्ण्णचन्द्रविलसत्स्मेराननं श्रीहरिं ।
तुङ्गपीठवरे स्थितं परिवृतं सद्भक्तवृन्दैर्यथा ॥
ताराभिर्विधुमर्च्यमानमुरुधातैश्चन्दनैः कौसुमै ।
र्हारैः शेखरपङ्क्ति भिश्चहृदयेशुक्लाम्बरं चिन्तये ॥ १ ॥
श्रीमन्नूतननीरदाभतनवे श्रीमाधुरीमूर्त्तये ।
तुङ्गतुङ्गतुराङ्गिसाङ्गिवृतयेचञ्चल द्वाससे ॥
नानाहारमनोहरायहरयेयष्ट्यालसत्पाणये।
तस्मै श्री गुरवेभवाय सहजानन्दायवन्दामहे ॥ २ ॥

आ रागनु तथा आटलि मात्रानु सत्संगमां अष्टक न होवाथी सत्संगीओ तथा संतोनी मागणीथी आ अष्टक करवामां आव्युंछे.

धर्मनन्दन, धर्मनन्दन,धर्मनन्दनरक्षमां धर्मनन्दन, धर्मनन्दन, धर्मनन्दन पाहिमाम्॥
ध्रुवपदम्

धर्महीन धरातलं दिति पुत्रवंश विवर्धनम्
साधुमानव पीडनं मादिरादि पानरतं जनम् ॥
ज्ञान भक्ति विलोपनंञ्च विलोक्य भूतल मागतम्
धर्मनन्दन माश्रये भुवितेन धन्यतमोऽस्म्यहम् ॥ धर्म० ॥ १ ॥

साधुरक्षण, भक्तपालन, दुष्टशासन हेतवे,
ज्ञान, भक्ति विराग धर्म शमादि शुभगुण वृद्धये ॥
आगतं धरणीतले निजभक्तवत्सल मिष्टदं
धर्मनन्दनमाश्रये भुवि तेन धन्य तमोऽस्म्यहम् ॥ धर्म० ॥ २ ॥

रम्य कोसल देशगे नारायणाख्य सरस्तटे ।
छुप्पयाख्य पुरेऽनघे द्विजवर्य धर्मगृहे शुभे ॥

स्वेच्छया धृतविग्रहं चतुराननादि सुरस्तुतम् ।
धर्मनन्दनमाश्रये भुवि तेन धन्यतमोऽस्म्हम् ॥ धर्म० ॥ ३ ॥

जन्मादिव्य शरीर दर्शनमीश्वरादि सुराऽर्चितम् ।
दैत्यगर्व निबर्हणं पित्रोश्च दिव्यगतिप्रदम् ॥
घोरकाननमागतं सरयूप्रवाह समाश्रया
द्धर्मनन्दनमाश्रये भुवितेन धन्यतमोऽस्म्यहम् ॥ धर्म० ॥ ४ ॥

लक्षपर्वतयोगि मानस दर्शित स्वतनुं प्रभुं
साङ्ख्ययोग विशारदं तपसातनु कृत विग्रहम् ॥
धूर्त साधुगणे परस्पर वैरविग्रह कारकम् ।
धर्मनन्दनमाश्रये भुवितेन धन्यतमोऽस्म्यहम् ॥ धर्म० ॥ ५ ॥

तीर्थपर्यटनक्रमेण सुराष्ट्रदेश मुपागतं ।
तत्रचोद्धवनाम मुनितः प्राप्तदीक्षमिहस्थितं ॥
योगाविध्यनभिज्ञपुं हृदये समाधि विधायकम् ।
धर्मनन्दनमाश्रये भुवितेन धन्यतमोऽस्म्यहम् ॥ धर्म० ॥ ६ ॥

संप्रदाय विवर्धनायच दक्षिणोत्तर दिक्स्थितं ।
पीठयुग्ममथो विधाय नियुज्य धर्मकुलोद्भवम् ॥
तत्रदेशिक युग्ममुत्तम देवहर्म्य विधायिनं ।
धर्मनन्दनमाश्रये भुवितेन धन्यतमोऽस्म्यहम् धर्म० ॥ ७ ॥
स्वाश्रितोद्धरणाय शिक्षापत्रिका वचनामृते ।
संविधाय चरित्र जातमपि स्वभक्त विमुक्तये ॥
अक्षरं समगाद्य आत्मनिवास धामतमीश्वरं ।
धर्मनन्दनमाश्रये भुवितेन धन्यतमोऽस्म्यहम् ॥ धर्म० ॥ ८ ॥
धर्मनन्दन धर्मदाऽष्टकमात्मगोचर मूर्तिदं ।
शान्तिदं गिरिजादिशङ्कर शर्मणासुखदं कृतम् ॥
यः पठेत् प्रयतः पुमान् प्रतिवासरं सुरदुर्लभं ।
सर्वलोकाधिकसुखं लभते भवेचकृतार्थताम् ॥ धर्म० ॥ ९ ॥

॥ इतिधर्मनन्दनानष्टकम् संपूर्णम् ॥